ISSN : 2321-4880

સળંગ અંક-૨૨, વર્ષ-૮, ઑગસ્ટ ૨૦૨૦

ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતું સામયિક

અતુલ્ય વારસો®

Know Your Identity



સરસ્વતી નદી
અંગેના કેટલાક કોયડા અને તેના ઉકેલ

- ડૉ. પી. એસ. ઠક્કર

- સરસ્વતી ઈરાનમાં વહેતી હતી.
- સરસ્વતી રણમાં ભળી જતી હતી અને કુંવારીકા હતી.
- ત્રિવેણી સંગમ અલ્લાહાબાદમાં કેવી રીતે હોઈ શકે?
- ત્રિવેણી સંગમ સૌરાષ્ટ્રમાં સોમનાથમાં કેવી રીતે હોઈ શકે?
- ત્રિવેણી સંગમ સાગર સંગમ પાસે બંગાળના ઉપસાગરમાં કેવી રીતે હોઈ શકે?
- ત્રિવેણી સંગમ સૌરાષ્ટ્રમાં ગુપ્ત પ્રયાગમાં કેવી રીતે હોય?



સંશોધક શ્રી કોચર દ્વારા એવું દર્શાવવામાં આવ્યું છે કે સરસ્વતીનો પ્રવાહ ઈરાનમાં હતો અને ઈરાનમાં સૂર્યવંશી કે અગ્નિપૂજક પ્રજા રહેતી હતી. સરસ્વતી જે કૈલાસ પાસ, ગાંગલારિંગ સરોવરમાંથી નીકળી તિબેટમાં વહી આદિ બદ્રી પાસે થઈ માનાપાસ પાસે વહેતી થઈ. ઈન્ડોત્સાંગપો સ્યુચર ઝોનમાં જ્યારે ફેરફારો થયા ત્યારે પહેલા આ નદીનું પાણી સિંધુ નદીના પ્રવાહમાં વળ્યું હશે. સિંધુના પ્રવાહ સાથે સાથે જો મુસાફરી કરીએ તો આ પ્રવાહ પહેલા કોઈ કાળે ઈરાન સુધી જતો હશે. આજે પણ ઉપગ્રહની તસ્વીરોમાં આવા પુરા પ્રવાહ જોઈ શકાય છે. તેના પ્રવાહમાં ફેરફાર થતા તે પ્રવાહ બલુચિસ્તાનમાં વહ્યો હશે અને તે પ્રવાહના કિનારે હિંગળાજ માતાનું મંદિર આવેલું છે.

આજ પ્રવાહમાં ફેરફાર થતાં તે પાણી સતલજમાંથી વહ્યું હશે. જ્યારે સરસ્વતીનો પ્રવાહ બંધ થયો હશે ત્યારે કોઈ વિરલો સરસ્વતીના પ્રવાહના કિનારે મૂળથી ચાલીને નીકળ્યો હશે. ત્યારે તે સતલજનાં કિનારે પહોંચ્યો હશે અને તેથી હરિયાણામાં સતલજના પ્રવાહને સરસ્વતીનો પ્રવાહ માની લીધો હશે. સરસ્વતીનું પાણી આદિ બદ્રીથી માનાપાસ તરફ વળતું હતું તે પ્રવાહ ખરેખર તો બ્રહ્મપુત્રા, સિંધુ તથા સતલજનાં પ્રવાહમાં વહેવા માંડયો હશે. સમય જતા તેમાં પણ ફેરફાર થતા રહ્યા હશે.

ગુજરાતની સરસ્વતી છેલ્લા ઘણા વર્ષોથી દાંતા પાસેના પહાડોમાંથી નીકળી કચ્છના નાના રણમાં ભળી જતી હતી, તે સમુદ્રને મળતી ન હતી તેથી આ સરસ્વતી કુંવારીકાના નામે ઓળખાતી હતી. વર્ષ ૧૯૮૦માં ઉપગ્રહની તસવીરોનો અભ્યાસ કરી સંશોધન પત્ર રજુ કરનાર ટીમના સભ્યોને પણ એવું જાણવા મળ્યું કે શિવાલિકમાંથી નીકળેલો સરસ્વતીનો પ્રવાહ પાકિસ્તાનમાં મેરટ બેરીવાલ પાસે થરના રણમાં પૂરો થઈ જતો હતો તેથી તેમને પણ સરસ્વતી કુંવારીકા હતી તે માન્યતાને વધારે સમર્થન આપ્યું. ખરેખર તો સરસ્વતી નદી કૈલાસ પાસેથી નીકળી સમુદ્રમાં મળી જતી હતી.

ત્રિવેણી સંગમ અલ્હાબાદમાં કેવી રીતે હોઈ શકે? કૈલાસ માનસરોવરથી નીકળેલી વિષ્ણુ ગંગા કે ધોળી ગંગા અથવા સરસ્વતી ગાંગલારીંગ સરોવરથી નીકળી આદિ બદ્રી પાસે વહી સપ્તસિંધુ પ્રદેશમાં થઈ ઉત્તરાખંડ વહી બદ્રીનાથ પાસે માનાગામની દક્ષિણે અલકનંદા-ગંગાને મળતી હતી. આમ, સરસ્વતી અને ગંગાનો સંગમ માનાગામની દક્ષિણે કેશવપ્રયાગ કે વિષ્ણુ પ્રયાગના નામે જાણીતો છે. આ પ્રવાહ ઉત્તરાખંડમાં વહી અલ્હાબાદ પાસે પહોંચે છે. અલ્હાબાદ પાસે ત્રીજી નદી યમુના આ બંને પ્રવાહને મળતા ત્રિવેણી સંગમ થાય છે. આમ, અલ્હાબાદ પાસે ત્રિવેણી સંગમ હોઈ શકે. બીજી શક્યતા એ છે કે ગંગા યમુના અલ્હાબાદ પાસે મળે છે.

જ્યારે ઈન્દ્રએ સરસ્વતીની જે બિકાનેર પાસે વહેતી હતી તેનો પ્રવાહ વાળીને અલ્હાબાદ સુધી લાવી બનારસ થઈ પશ્ચિમ બંગાળમાં ગંગા સાગર સંગમ સુધી લઈ ગયા હતા અને તે ભાગીરથીના નામે ઓળખાતી હતી. આમ, અલ્હાબાદ પાસે ત્રિવેણીની શક્યતા છે તથા ગંગા સાગર સંગમ પાસે પણ ગંગા યમુના અને સરસ્વતી સમુદ્રને મળતી હોવાથી સાગરકિનારે ત્રિવેણી સંગમ હોઈ શકે.

સોમનાથ પાસે ત્રિવેણી સંગમ કેવી રીતે? સોમનાથ પાસે હિરણ, કપિલા અને સરસ્વતી નદીનો સંગમ થતો હોઈ ત્યાં ત્રિવેણી સંગમ છે. ગુપ્ત પ્રયાગ પાસે ગંગા યમુના અને સરસ્વતીનો સંગમ દર્શાવવામાં આવે છે. સરસ્વતીનો પ્રવાહ નર્મદામાં ભળી પૂર્વ તરફથી પશ્ચિમમાં સૌરાષ્ટ્રમાં આવતો હતો. શક્યતા છે કે તે કાળ-સમયે ઉત્તરમાંથી આવતી કદાચ બધી નદીઓ ગુજરાતમાં આવતી હોય. પંજાબની સિંધુ સિવાયની પણ બીજી નદીઓ ગુજરાતમાં આવતી હોવી જોઈએ. રવિ અને સતલજનો પ્રવાહ તો ઈ.સ. ૧૦૬૦ સુધી ગુજરાતમાં આવતો હતો. યમુના તથા ગંગાનો પ્રવાહ પણ ગુજરાતમાં આવતો હોય તે શક્ય છે અને આપણે જેને સરસ્વતીના જુદા જુદા પ્રવાહ ગણાવીએ છીએ તે પુરાણા પ્રવાહો કદાચ ગંગા અને યમુના નદીના પણ હોઈ શકે અને આ પ્રવાહ સૌરાષ્ટ્ર ઉના પાસે આવેલા ગુપ્ત પ્રયાગ પાસે ભેગા મળી સમુદ્રને મળતા હોય અને અહીં ત્રિવેણી સંગમ હોઈ શકે.

ગુજરાતના ગેઝેટિયરમાં દર્શાવ્યું છે કે, ચાર જુદા જુદા યુગમાં સોમનાથ ચાર જુદા જુદા નામે ઓળખાતું હતું. આ ચાર નામ છે : ભૈરવેશ્વર, શ્રીગાલેશ્વર, શ્રવણિકેશ્વર અને આજનું કળિયુગનું વેરાવળ પાસેનું સોમનાથ. ભૈરવેશ્વર કોડીનારમાં હોઈ શકે. શ્રીગાલેશ્વર મંદિર ગુપ્ત પ્રયાગમાં હતું અને મહમદ ગઝનીએ હુમલો કરીને તોડી નાખ્યું હતું. જેના અવશેષો આજે પણ અહીં ગુપ્ત પ્રયાગમાં જોઈ શકાય છે.

આ સિવાય ભાવનગર પાસે આવેલા શિહોરની નજીક સરકડીયા નામનું ગામ છે ત્યાં પણ ત્રિવેણીનો મેળો ભરાય છે. વળી ગંગા પ્રાગટ્ય સ્થળ કચ્છમાં તથા ઉત્તર ગુજરાતમાં પણ છે, જ્યાં મેળા ભરાય છે. સૌરાષ્ટ્રમાં ત્રિનેત્રેશ્વર-તરણેતરનો મેળો ભરાય છે, ત્યાં ગંગા ભાદરવા વદ ચૌદસના રોજ પ્રકટ થાય છે તેવું ત્યાંની પુસ્તિકામાં મહંતે જણાવ્યું છે. તે જ રીતે હરિયાણામાં તથા પંજાબમાં વ્હો નદીના પ્રવાહ છે જે બનાસકાંઠામાં પણ વ્હો નદીનો પ્રવાહ જોવા મળે છે. તરણેતર ત્ર્યંકુમતી નદીના કિનારે હતું, તેવું સ્કંધ પુરાણમાં જણાવ્યું છે.

ઉપગ્રહ દ્વારા મળતી તસ્વીરોમાં જુદા જુદા પ્રવાહો જોઈ શકાય છે. એક પ્રવાહ તો મહેસાણા પાસેથી નીકળી નળ સરોવરની ઉત્તરે વહી સૌરાષ્ટ્રમાં જતો જોઈ શકાય છે. આ બધા પ્રવાહોના કાંપનો અભ્યાસ કરી તેનો કાળ નક્કી કરવાની આવશ્યકતા છે.

અતુલ્ય વારસો®
Know Your Identity

ISSN : 2321- 4880

નોંધણી નંબર :
સોસાયટી નોંધણી નં. : ગુજ/૧૪૩૩૬ /અ'વાદ.
જાહેર ટ્રસ્ટ નોંધણી નં. : એફ /૧૪૧૪૯/અ'વાદ.

પ્રકાશક :
હિસ્ટોરીકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર(HCRC), અમદાવાદ

તંત્રી : કપિલ ઠાકર

સહતંત્રી : કિન્નરી શાહ

સલાહકાર સમિતિ :
શ્રી પ્રવીણ ક. લહેરી, શ્રી વાય. એસ. રાવત
શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ, ડૉ. વિશાલ જોષી
શ્રી કીર્તિ ઠાકર,પ્રા. રફીકા સૈયદ સુલતાના,
ડૉ. પી. એસ. ઠક્કર

કો-ઓર્ડિનેટર : રોનક રાણા

ફોટોગ્રાફર : નરેન્દ્ર ઓતિયા

મુખપૃષ્ઠ ફોટો :
વર્લ્ડ હેરીટેજ શહેર અમદાવાદમાં જોવા મળતી કાષ્ટકલાની હવેલી. ચિત્રકાર અનિલ શ્રીમાળી

Keep in touch with us for Subscribe your "Digital Edition" by :

9825129703, 9328312363
atulyavarso
@AtulyaVarso001
atulyavarso.magazine
atulyavarso@gmail.com
www.atulyavarso.com

તંત્રીલેખ



નમસ્કાર મિત્રો,

"કોરોના" અને "સોશિયલ ડીસ્ટન્સ" આ બંને શબ્દ વર્તમાન સમયમાં સર્વસામાન્ય અને સર્વસ્વીકૃત બન્યા છે અને વર્તમાન મહામારીના સમયે તે અતિ અનિવાર્ય પણ છે. જો કે શક્ય એ પણ નથી કે આ મહામારીને પગલે આપણા થકી થતી વિવિધ પ્રવૃતિઓને પૂર્ણવિરામ કે અલ્પવિરામ કરીએ, પણ માત્ર સ્વરૂપ બદલીને તે સતત ચાલુ રહે આવશ્યક છે. "અતુલ્ય વારસો" ની ફીલ્ડ પર જઈને કરવાની થતી પ્રવૃતિઓ, સંશોધનો, સ્વચ્છતા અભિયાનો છેલ્લા ઘણાં સમયથી થંભી ગયા છે. વળી, પ્રકાશનની કામગીરી પણ અનિશ્ચિત કાર્યકાળ સુધી બંધ રહેશે, જેનું મુખ્ય કારણ એવું છે કે આ સમયે જાહેરખબર અને અન્ય પ્રકાશનલક્ષી મદદ મળવાનું બંધ છે, વળી પ્રકાશનની પ્રોસેસ અને વિતરણ કામગીરીમાં સોશિયલ ડીસ્ટન્સનો મુદ્દો ન સચવાય અને કોઈક રીતે ચેપ ફેલાય તેવી શક્યતાઓ રહેલી છે. વર્તમાન સમયમાં અતુલ્ય વારસો "ટી પાર્ટી" પણ બંધ હોવાના કારણે ટીમનાં મોટા ભાગનાં સભ્યો અને વાચકો સાથે રૂબરૂ મુલાકાતો ઓછી થઈ ગઈ છે. આપણા સભ્યો સાથે અને વાચકો સાથેનું જોડાણ સતત થતુ રહે તેવા હેતુસર અમોએ પ્રતિ માસ ડીઝીટલ સ્વરૂપે "અતુલ્ય વારસો" પ્રકાશિત કરવાનો નિર્ણય લીધો છે જેનો આ અંક સાથે શુભારંભ કરી રહ્યા છીએ. આપસૌને નિયમિત રીતે આપના નોંધાયેલા વોટ્સએપ નંબર, ઈમેલ કે અન્ય ફોરમેટમાં મળતો રહે તેનું પુરતું ધ્યાન રાખીશું જેની નોંધ લેવા લેશો. વર્તમાન મહામારી સામે આપ અને આપના પરીવારજનો સુરક્ષિત રહે તેવી પ્રાર્થના સહ...


- કપિલ ઠાકર

અનુક્રમણિકા














અમૃતવર્ષિણી વાવ

- ડૉ. માણેક પટેલ

ફોટોગ્રાફ્સ - મનીષ ભાવસાર

વર્લ્ડ હેરિટેજ શહેર અમદાવાદ અને તેના આસપાસનાં વિસ્તારમાં ૨૦થી વધારે વાવ આવેલી છે જેમાં કેટલીક વાવોની રચના સાદી તો કેટલીક ખુબ જ અલંકૃત સ્થાપત્ય રચના ધરાવે છે. સામાન્ય રીતે વાવ એટલે પગથીયાવાળો કૂવો. અમદાવાદનાં પાંચકૂવા દરવાજા પાસેની દુકાનો વચ્ચે એક વાવ છે જે અમૃતવર્ષિણી વાવ નામે સુપ્રસિદ્ધ છે. (એલ) આકારની આ વાવ નંદા પ્રકારની છે. વાવમાં કુલ ત્રણ ખંડ-મંડપ આવેલા છે અને ૧૧ ફુટ વ્યાસનો કૂવો છે. વાવમાં ફારસી અને સંસ્કૃત ભાષામાં લખેલા બે લેખ જોવા મળે છે. ફારસી લેખમાં લખ્યું છે કે 'મારી તમામ ઉમર પાણી અને માટીનાં કામમાં ગુજરી છે. જેથી શાયદ કોઈ નેકદિલ આદમી ત્યાં થોડોક વખત રોકાય.' અને સંસ્કૃત લેખ મુજબ વાવનું નામ અમૃતવર્ષિણી છે. ક્ષાત્ર રાજકુળનાં રઘુનાથદાસે વર્ષ ૧૭૨૩માં સોમપુરા કાશીદાસ અને રામદાસ પાસે આ વાવ બંધાવી હતી.

શ્રવણબેલગોલા

- કલ્પેશ શાહ

કર્ણાટકનાં હસન જિલ્લામાં બેંગલોરથી આશરે ૧૪૪ કિલોમીટર તથા મૈસૂરથી ૮૩ કિલોમીટરના અંતરે આવેલ શ્રવણબેલગોલા દક્ષિણ ભારતનું સૌથી મહત્વનું જૈન તીર્થ છે. પુરાતત્વીય તથા ધાર્મિક વારસાનું પણ આ એક અતિ મહત્વનું સ્થળ છે. અહીં ગંગા તથા હોયસળા કારીગરો દ્વારા નિર્મિત અપ્રતિમ નિપુણતા તથા કૌશલ્યસભર સ્મારકો આવેલા છે. શ્રવણબેલગોલા એ વિંધ્યગિરિ અને ચંદ્રગિરિનામની બે ટેકરીઓ વચ્ચે વસેલું છે જેની મધ્યમાં એક તળાવ છે. આ સ્થળનું નામ શ્રવણ અથવા શ્રમણ અર્થાત જૈન તપસ્વી તેમજ બેલગોલા અર્થાત શ્વેત તળાવ થાય છે.

વિંધ્યગિરિએ નક્કર ખડકની ૪૭૦ ફીટ ઊંચી ટેકરી છે અને તેના ટોચ પર પહોંચવા ખડકમાંથી કોતરીને બનાવેલા ૬૬૦ પગથિયાનું સીધું ચઢાણ છે. અહીં પગરખાં નીચે ઉતારીને જવું પડે છે જેથી ગરમીમાં તપી ગયેલા પગથિયા પર ખુલ્લા પગે ચઢવું અતિ મુશ્કેલ બની જાય તેમ છે. ચઢવા માટે અસમર્થ લોકો માટે અહીં ડોલીની વ્યવસ્થા પણ છે. વિંધ્યગિરિની ટોચ પર બાહુબલીની ૫૮ ફૂટ ઊંચી ગ્રેનાઈટના એક જ પત્થરમાંથી કોતરેલી ભવ્ય તથા જાજરમાન પ્રતિમા સ્થાપિત છે. એક જ પત્થરમાંથી કોતરાયેલી વિશ્વની આ સૌથી ઊંચી પ્રતિમા છે જેનું વજન આશરે ૮૦ ટન હોવાનું મનાય છે. તલકડ ગંગા સામ્રાજ્યનાં સેનાપતિ ચામુંડારાય દ્વારા વર્ષ ૯૮૧માં આ પ્રતિમાનું નિર્માણ થયું હોવાનું મનાય છે. દ્રઢ હાથ તથા પગ, વાંકડિયા વાળ, લાંબા મોટા કાન અને નિસ્પૃહીતાથી વિશ્વને નિહાળતી ખુલ્લી આંખો સાથે કાયોત્સર્ગ મુદ્રામાં આ પ્રતિમાને અતિસુંદર રીતે કંડારવામાં આવી છે. પ્રતિમાની બંને બાજુ ચામરધારી યક્ષ તથા યક્ષિણીની સુંદર મૂર્તિઓ છે. પ્રતિમાની ફરતેની પરિક્રમામાં તીર્થંકરોની ૪૩ મૂર્તિઓ બિરાજમાન છે. દર ૧૨ વર્ષે આ પ્રતિમાનો મહામસ્તિકાભિષેક કરવામાં આવે છે. આ દિવસે પ્રતિમા પર પાણી, ઘી, માખણ, દહીં, હળદર, ચોખાનો પાવડર, નારિયેળ પાણી, શેરડીનો રસ, શ્રીગંધા, ચંદન, અષ્ટગંધા, કેસર તથા કિંમતી રત્નો વગેરે દ્રવ્યોનો અભિષેક કરવામાં આવે છે. દેશ અને દુનિયામાંથી લાખો શ્રદ્ધાળુ આ અદ્વિતીય પ્રસંગના સાક્ષી બનવા અહીં ઉમટે છે. છેલ્લે વર્ષ ૨૦૧૮માં મહામસ્તિકાભિષેક કરવામાં આવ્યો હતો જેમાં ભારતના રાષ્ટ્રપતિ તથા પ્રધાનમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતાં. હવે પછી આ પ્રસંગ વર્ષ ૨૦૩૦ માં આવશે.

જૈન ગ્રંથો અનુસાર બાહુબલીનો જન્મ અયોધ્યાનાં રાજા ઋષભદેવ કે જેઓ પછી જૈન ધર્મનાં પહેલા તીર્થંકર બન્યા તેમના ઘેર થયો હતો. જ્યારે ઋષભદેવે સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો ત્યારે તેમણે તેમનું સામ્રાજ્ય તેમના પુત્રોમાં વહેંચી દીધું. જ્યેષ્ઠ પુત્ર ભરતને અયોધ્યાનું રાજ્ય આપવામાં આવ્યું જ્યારે બાહુબલીને દક્ષિણ ભારતમાં અસ્માકાનું રાજ્ય મળ્યું જેની રાજધાની પૌદનાપુર હતી. ભરતની આકાંક્ષા ચક્રવર્તી રાજા બનવાની હતી અને તેના સતત પ્રયાસોને લીધે એક પછી એક અનેક રાજ્યો સમ્રાટ ભરતના શરણે આવતા ગયા. બાહુબલી તેમની ચક્રવર્તી રાજા બનવાની મહત્વાકાંક્ષા પૂર્ણ કરવાનો છેલ્લો અવરોધ બન્યા જેમણે ભરતને પડકાર આપ્યો. ક્રોધિત ભરતે પૌદનાપુર પર આક્રમણ કરવાનો નિર્ણય કર્યો. રક્તપાત રોકવા મંત્રીઓએ બન્નેને દ્વંદ્વયુદ્ધ કરવા સલાહ આપી. અપ્રતિમ શારીરિક બળ ધરાવતા બાહુબલીએ ભરતને તેમાં પરાજિત કર્યો. હારથી ઉશ્કેરાયેલા ભરતે બાહુબલી પર તેના અમોઘ શસ્ત્ર ચક્રથી હુમલો કર્યો પણ તેમાં પણ સફળતા ના મળી. આ ઘટનાક્રમે બાહુબલી ને વિચલિત કરી દીધા અને તે ક્ષણે જ તેમણે સંસારીસ સુખોને ત્યાગીને આત્મશુદ્ધિને માર્ગે ચાલી નીકળવાનો નિશ્ચય કર્યો. તેમણે બાર વર્ષ સુધી કાયોત્સર્ગ મુદ્રામાં ઊભા રહી અન્ન-જળ ત્યાગી ધ્યાન ધર્યું. તેમની આસપાસ ઝાડ-ઝાંખર ઊગી ગયા અને વેલો તેમના શરીરને વીંટળાઈ ગઈ. તેમની પાસે ફરતા ઝેરી જીવોથી પણ તેમનું ધ્યાન ભંગ ના થયું અને આખરે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. બાહુબલી અંતે મોક્ષ પામ્યા. તીર્થંકર ન હોવા છતાં મોક્ષ પામનારા તેઓ પ્રથમ જૈન સાધુ બન્યા.ચંદ્રગિરિ ટેકરી ૨૦૦ ફૂટ ઊંચી છે અને ત્યાં ૧૯૨ પગથિયા છે. વિંધ્યગિરિની માફક અહીં પણ ચઢાણ સીધું છે. અહીં ભદ્રબાહુનું દેરાસર છે. આચાર્ય ભદ્રબાહુ પ્રસિદ્ધ જૈન સાધુ હતાં જેમણે નિર્યુક્તિ, સંહિતા તથા કલ્પસૂત્ર જેવા પવિત્ર ગ્રંથોની રચના કરી હોવાનું મનાય છે. આવનારા ભીષણ દુકાળને જાણી લેનાર આચાર્યે તેમના શિષ્યો સાથે દક્ષિણ ભારતમાં હાલ જેને કર્ણાટક કહે છે તે તરફ વિહાર કર્યો. તેમના શિષ્યોમાં ચંદ્રગુપ્ત મૌર્ય પણ હતા જેઓ રાજપાટ છોડીને જૈન ધર્મ અંગીકાર કરી તપસ્વી બની ગયા હતા. તેમણે આ ટેકરી પર ધ્યાન ધર્યું હતું. દક્ષિણ ભારતમાં જૈન ધર્મના પ્રસારની આ શરૂઆત હતી. સમ્રાટ અશોકે ત્રીજી સદીમાં અહીં ચંદ્રગુપ્ત મૌર્યની સ્મૃતિમાં દેરાસર બનાવ્યું. સમ્રાટ ભરતની મૂર્તિ અને પાર્શ્વનાથ ભગવાનની ૧૮ ફૂટ ઊંચી પ્રતિમા ઉપરાંત અન્ય અનેક તીર્થંકરો તથા તપસ્વીઓનાં સ્મારકો ચંદ્રગિરિ ટેકરી પર સ્થિત છે.



ઈસવીસન ૬૦૦ થી ૧૮૩૦ના સમયગાળાના ૮૦૦થી વધુ શિલાલેખો આ સ્થળેથી કર્ણાટક પુરાતત્વ વિભાગને મળેલા છે. પ્રાચીન કન્નડ તથા પ્રાચીન કન્નડા લિપિમાં લખાયેલ આ શિલાલેખો મોટેભાગે જૈન ધર્મનાં છે. શ્રવણબેલગોલામાં આશરે ૨૩૦૦ વર્ષોનો ધાર્મિક તથા પુરાતાત્વિક વારસો જળવાયેલો છે. શ્રવણબેલગોલાની મુલાકાત પૂર્વકાલીન ભવ્યતા અને સુંદરતા સભર સ્થાપત્યકળાનો સાક્ષાત્કાર કરાવે છે.



શ્રીરાચા ટાઈગર ઝૂ, થાઈલેન્ડ

- કપિલ ઠાકર

મૂળ બૌધ્ધિસ્ટ દેશ થાઈલેન્ડમાં વર્તમાન સમયમાં પણ રાજાશાહી છે અને સમગ્ર દેશ કેટલીક બાબતોમાં વિશેષ છે જેમાંની એક બાબત છે પ્રાણી સંગ્રહાલય, જેમાં આવનાર દરેક યાત્રિક વન્યજીવ સાથે જીવંત ક્રીયા-પ્રતિક્રીયા (ઈન્ટરેક્શન) કરી શકે. અમારા મનમાં રહેલ કુતુહુલ દુર કરવા પત્તાયાના પ્રવાસ દરમ્યાન અમે નજીક આવેલ શ્રીરાચા ટાઈગર ઝૂ માં મુલાકાત લીધી. અહી આવેલ આ પ્રાણી સંગ્રહાલય ખુબ જ સુંદર રીતે સુશોભિત કરેલ છે અને અહીં થોડા થોડા અંતરે ખુબ જ સુંદર અને આકર્ષિત કરનાર વિવિધ પશુ-પ્રાણીનાં પુતળાઓ સ્થાપિત કરેલા છે, દરેક ઝાડ અને તેની ડાળીઓ, નાની નાની ફુલ-વેલને પણ એવા શુશોભિત કર્યા છે કે દરેક જગ્યાએ તમે ફોટોગ્રાફ્સ લઈ શકો. અહીં જોવા મળતા મુખ્ય પ્રાણીઓમાં વાઘ, હાથી, મગર, સુવર છે. વળી, હાથી, મગર અને વાઘનાં ત્રણ શો પણ થોડા થોડા અંતરે પ્રસ્તુત કરવામાં આવે છે. અહીં લગભગ ૧૦૦ થી પણ વધારે સંખ્યામાં વાઘ જોવા મળે છે. આપણે સમયાંતરે વિવિધ સંગ્રહાલયોની મુલાકાત લેતા હોઈએ છીએ તેમાં પણ બાળકો સાથે ખાસ પણ જરુર નથી કે એ તમામ મુલાકાતો આપણને યાદ હોય કે તેમાં રહેલા પ્રાણીઓ યાદ રહે પણ મને ખાતરી છે કે એક વાર તમે શ્રીરાચા ટાઈગર ઝૂ કે તેના જેવા સંગ્રહાલયની મુલાકાત લો કે જ્યાં પશુ પ્રાણી સાથે જીવંત ઈન્ટરેક્શન કરવામાં આવે છે તો તે જીવનભર યાદ રહી જાય તેવો પ્રસંગ બને છે.



શંખઃ દ્વારકા પ્રદેશની પ્રાકૃતિક વિરાસત

- સવજી છાયા
ફોટોગ્રાફ્સ – શ્રી પરીખ



વૈષ્ણવી દ્વારકા પ્રદેશના મહાજલપ્રલય પછી સમુદ્ર કિનારે પડેલ અનેક ખાડા ખાબોચિયા પાણીથી ભરાઈ ગયા હતા. તેમાં તથા ખડકોની કોતરોમાં ભાત-ભાતના સામુદ્રિક જીવો તથા વનસ્પતિને વિકસવાની અનુકૂળતા મળી આવી હતી. તે પૈકી અનેક આકાર-પ્રકારવાળા શંખના કવચધારી જીવજંતુઓનો વિકાસ તેમજ સંવર્ધન અહીં થતું રહ્યું. આવી અલભ્ય સામુદ્રિક સંપતિ વિશ્વનાં ગણ્યા ગાઠ્યા સ્થળોને બાદ કરતા ક્યાંય જોવા મળતી નથી. એક વખતના સામુદ્રિક બેટના શંખનારાયણના લક્ષ્મીજી તથા સત્યભામાના મંદિરમાં જે શંખો છે તે જમણા મુખના અદ્વિતિય શંખો ગણી શકાય. તે ઝાંઝીબારમાં રહેતા કોઈ ભાટીયાના વંશજોએ મંદિરને અર્પણ કર્યા છે. ઈ.સ.૧૮૩૫ થી આ શંખો મંદિરની સેવામાં રત છે. શંખ વૈષ્ણવ ધર્મ સાથે ઓતપ્રોત થઈ ગયેલું સુષિર વાદ્ય છે. દેવસ્થાનોમાં દેવસ્નાન કરાવતી વખતે દૂધ, દહીં, ઘી, મધ તથા સાકરનું પંચામૃત શંખમાં ભરવામાં આવે છે. બાદ જ તેનું અભિસિંચન દેવોના અંગ-ઉપાંગ પર કરવામાં આવે છે. આરતી સમયે પણ ધૂપ-દીપ પહેલા શંખના પવિત્ર જળથી દેવોના ઓવારણા લેવાય છે. આ રીતે શંખ એ મંદિરોનું અવિભાજ્ય અંગ છે. મુખ્ય મંદિરના શંખ પર વિવિધ ભાતની આકૃતિઓ કોતરવામાં આવે છે. તો કયારેક સોના-ચાંદીના વરખથી તેને મઢવામાં આવે છે.

રાજસ્થાનના ઝાલોર ગામના જૈનમુની ઉદ્યોતનસુરીએ ઈ.સ. ૭૭૯ માં પ્રાકૃત ભાષામાં ‘કવલયમાલા કહા’ નામક પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે કે ‘... બારવાઈ ગયો ત્યાંથી શંખ ભરી લાવ્યો’ આ બારવાઈ એટલે દ્વારકા એવુ પુરાતત્વવેતાઓ માને છે. ઉપરોકત વિધાન પરથી માની શકાય કે એ રીતે દ્વારકા અને શંખનો નાતો ખૂબ જૂનો હોઈ શકે. પ્રાચીનકાળે દ્વારકાક્ષેત્રમાં શંખની બંગળીઓ (વલય) બનાવવાનો ઉદ્યોગ કાઢી લીધા પછીના મળેલ શંખોના અવશેષો પરથી સહજ અનુમાની શકાય છે. કેટલીક નોંધો પ્રમાણે દ્વારકાના શંખો સુરત બંદરેથી બંગાળમાં નિકાસ થતા હતા. શંખ ભારતના પશ્ચિમ કિનારે દ્વારકા વિસ્તાર, સિલોનના મનાર ક્ષેત્ર તેમજ કેરલામાં ઉત્પન્ન થાય છે.

દ્વારકાના સમુદ્ર કિનારે શંખ, કોડી, છીપલા, રંગબેરંગી પરવાળા જેવી સામુદ્રિક સંપતિ વિખરાયેલી પડી છે. દ્વારકાથી શંખની આયાત કરી બંગડી બનાવવાનો ધમધોકાર ધંધો ખંભાત તથા નગરામાં ચાલતો હતો. નગરા ખંભાત પાસેનું એક વખતનું શહેરી બંદર હતું. કાળક્રમે સમુદ્ર પાછળ હટી જતાં આ શહેર આજે કાળના ગર્ભમાં સમાઈ ગયું છે. નગરાના ઉત્ખનનમાંથી દ્વારકાના શંખની બંગડીઓ મળી આવી છે. તેના વિશે પ્રકાશ પાડતા વિદ્વાન રમણલાલ નાગરજી મહેતા કહે છે કે ‘નગરા કે ખંભાતના અખાતમાં શંખો પાકતા ન હતા. તેથી અહીં તેમના સૌથી નજીકના શંખ ઉત્પન્ન કરનાર પ્રદેશ દ્વારકાથી શંખો આયાત થતા હતા. આમ દ્વારકાના શંખોની બંગડી બનાવી તેની નિકાસ કરવાનો ધંધો પૌરાણિક નગરા શહેરમાં ફાલ્યો ફુલ્યો હતો. ’ તે દ્વારકા માટે ગૌરવપ્રદ ઘટના ગણી શકાય. પ્રાચીન ભારતની ગૃહિણીઓ પ્રથમ હાથીદાંતની બંગડી વાપરવાનું પસંદ કરતી હતી ત્યારબાદ શંખની પ્રાકૃત બંગડીઓ પહેરવી તે સૌભાગ્યની નિશાની ગણી પહેરવાનો વિશેષ આગ્રહ રાખતી.



ઢોલ વગાડીને ઉત્સવની છડી પોકારતો ઢોલી

અમદાવાદ શહેરમાં ૧૫૦૦ જેટલા ઢોલીડા

- જીતુભાઇ ભટ્ટ
ફોટોગ્રાફ્સ – પ્રવીણસિંહ ચૌહાણ

શહેર હોય કે ગામડું નાના મોટા સારા પ્રસંગોમાં ઢોલીની જરૂર દેખાય છે અને એમાંય નવરાત્રી હોય કે લગ્ન, સીમંત કે પછી કોઈ ફુલેકુ હોય તેમાં મંગલવાદ્ય વગાડનાર ઢોલીને બધા જ યાદ કરે છે. એકલા અમદાવાદ શહેરમાં એક અંદાજ મુજબ ૧૨૦૦ થી ૧૫૦૦ ઢોલીઓ વસવાટ કરે છે આ ઢોલીઓ દેવીપૂજકો અથવા તો હરિજન કોમના હોય છે. આ ઢોલ વગાડવાનો ધંધો કે કલા વારસાગત બાપ દાદાની છે. ગુજરાતમાં લંઘા, બારોટ અને બજાણીયા કોમના લોકો ઢોલના મૂળ કસબીઓ ગણાતા હતા. બજાણીયા કોમને તો જાણે કુદરતે ઢોલ વગાડવા માટે જ સર્જ્યા હોય એમ લાગે. અમદાવાદ નજીક આવેલા સાણંદ પાસેના દેવતી ગામના બજાણીયા આજે પણ રાજયના સર્વશ્રેષ્ઠ ઢોલી ગણાય છે. આ ગામના ઢોલીઓ માટે કહેવાય છે કે, એમના ઢોલ દિવાલે ભાગ્યે જ લટકે, ધંધુકાના આકરુ ગામના ઢોલીઓની પણ ઘણી ખ્યાતિ છે.

અમદાવાદ શહેરના જુના ગામડાના વિસ્તારો જેવા કે નરોડા, રખિયાલ, ઓઢવ, શાહપુર, સરખેજ વગેરેમાં નાના છાપરા કે ઘોલકીમાં આજે પણ ઢોલી કુટુંબો રહે છે. દરેક ઢોલીને એમના વિસ્તાર બાંધેલા હોય છે. આ વિસ્તારો એમના ગરાસ ગણાય છે. બીયાના લાકડામાંથી ઢોલ બનાવવામાં આવતાં પરંતુ છેલ્લા કેટલાય સમયથી પતરાના પીપના ઢોલ વધુ ચાલે છે. આ પતરાના પીપ ઉપર ચામડું ચડાવવાની કલા થોડા ઓછા લોકોને જ મળેલ છે.

કુશળ ઢોલી અનેક પ્રકારે ઢોલ વગાડી જાણતા હોય છે. પ્રસંગે પ્રસંગોનો ઢોલ જુદા જુદા વાગતા હોય છે. તેના ૧૭ થી ૧૮ પ્રકાર હોય છે. અગાઉના જમાનામાં ઢોલીઓ ગામમાં આફત આવવાથી હોય ત્યારે સ્વંયભૂ આગોતરા ચેતવણીરૂપે ઢોલ વગાડતા અને આ ઢોલના અવાજ સાંભળી ગામ લોકો સાવધ થઈ જતાં. સૌરાષ્ટ્રમાં આજે પણ લગ્ન પ્રસંગે પાંચ દિવસ ઢોલ વગાડવામાં આવે છે. જાનૈયા આવે ત્યારે ઢોલીઓ જાનૈયાના ટોળા ભેગા કરી ઢોલ પર પૈસા પાડવાની રમત રમતા હોય છે. આપણા રાજયમાં એવા કેટલાય ઢોલીઓ નવરાશના સમયમાં વગડામાં જઈને નિજાનંદી ઢોલ વગાડતા હોય છે અને ઘરે સમયસર આવવાનું પણ ભૂલી જતાં હોય છે. એક ઢોલીને પૂછતાં તેવો જણાવ્યું કે, અલગ અલગ પ્રસંગના તાલ-રીધમના અલગ ઢોલ વાગે છે. જેમાં ચોઘડિયાના ઢોલ, ગણેશ સ્થાપનના ઢોલ, ફુલેકાના ઢોલ, હીચનો ઢોલ, મટકીનો, ટીટોડાનો હોય છે. ઢોલ અંગે સંગીત શાસ્ત્રીઓએ જણાવ્યું કે, આપણા દેશમાં અગાઉના જમાનામાં શુકન તરીકે ઢોલનો ઉપયોગ થતો. કાળક્રમે લગ્ન કરવા જાન લઈને જવુ એને પણ વીર રસ સાથે જોડાયેલું કર્મ ગણાવા લાગતા. જાન સાથે ઢોલીઓ પણ જવા લાગ્યા. કાળક્રમે તેનો ધાર્મિક પ્રસંગોએ ઉપયોગ થવા લાગ્યો.



બેન્ડવાળાની દયનીય હાલત :

હિન્દી ફિલ્મોના પ્રચલિત ગીતવાળી ધૂન વગાડીને બેન્ડવાજાવાળા લગ્નમાં ચાર ચાંદ લગાડી રોડ ઉપર લોકોને ખૂબ જ નચાવી પરસેવો પડાવી દે છે. એકલા અમદાવાદમાં જ ૩૫૦ થી વધુ બેન્ડ પાર્ટી છે. એક બેન્ડ યુનિટમાં ૧૦ થી ૧૫ લોકો સંકળાયેલા હોય છે. આ બેન્ડ પાર્ટીમાં મહારાષ્ટ્રીયન લોકો વધુ છે. બેન્ડ માસ્ટર લગ્નના આગલા દિવસે કયા પ્રકારના ગીતો, કયા પ્રસંગે કયું ગીત ગાવુ તેનું લીસ્ટ તૈયાર કરી રાખે છે. આજે લોકો સુપરહીટ ગીતનો વધુ આગ્રહ રાખતા તેની ધૂન અવશ્ય વગાડે છે જ. લગ્નની સીજન પુરી થયા પછી આ સામાન્ય લોકો સાયકલ, સ્કુટર રીપેરીંગ કે પછી શાકભાજીની દલાલી પણ કરે છે. છ માસની લગ્નની સીજનમાં આખા વર્ષનું ભેગુ કરી લેવાનું હોય છે. અમદાવાદનું પોલીસ બેન્ડ પણ બંધ થઈ ગયું છે.

ઘોડાની બગ્ગી તૈયાર કરવા માટે સામાન્ય માલ સામાન વપરાય તો પણ ૭૦ થી ૮૦ હજારમાં તૈયાર થાય છે. હાલના સંજોગમાં ઘોડાની બગ્ગી તૈયાર કરવા માટે સારા કારીગરોની ઊણપ છે. તેથી બગ્ગીવાળા પોતે જ ગાડી તૈયાર કરે છે.



બગ્ગીની આગળ જેટલા ઘોડા જોડવા હોય તેટલા જોડી શકાય છે. એક ગાડીમાં ૨૦ જેટલા ઘોડા જોડી શકાય છે.

વરઘોડાની શાન વધારતી સિંહાસન ગાડી :

લગ્નમાં વરઘોડાનું આગવું મહત્વ છે. આજે ફુલોથી શણગારેલી કારમાં જાન નિકળે છે પણ આ જમાનામાં 'સિંહાસન ગાડી' નો ઠાઠ અનેરો છે. જૂની જીપ પર નકશીકામ કરીને સિંહાસન વાળી ગાડી બનાવાય છે. એલ્યુમીનીયમ શીટ પર બારીકાઈથી નકશી કરી એક અનોખી ગાડી બનાવાય છે.

સિંહાસન ગાડી એકલા અમદાવાદમાં જ ૨૦ જેટલી છે. ૧૦૦થી ૧૫૦ કિલો લાકડું આ ગાડીમાં વપરાય છે. આ ગાડીની કિંમત આશરે ૪૦ થી ૫૦ હજારમાં તૈયાર થાય છે. ગાડીનું ભાડું ૨૫૦૦ થી ૩૫૦૦ જેટલું લેવાય છે. એક વરરાજાએ જણાવ્યું કે ખરેખર એકજ વાર પરણવાનું હોય તો આવી ગાડીમાં જ વરઘોડો કાઢવો જોઈએ. પણ આજે વરરાજાની શાન વધારતી આ સિંહાસન ગાડીનું અસ્તિત્વ ટકાવવું અઘરું છે.

૧ બગ્ગી વરરાજા માટે બગીનો ભાવ આસમાને :

લગ્નની ભરચક મોસમમાં આજે પણ ઘોડાવાળી બગ્ગીનું બુકીંગ કરાવવું જ પડે છે. આજે મોટા શહેરોમાં હવે બગ્ગી ખૂબ જ ઓછી રહી છે. ઘોડાવાળી બગ્ગીનો ધંધો મુસ્લિમ પરિવાર કરે છે અને આ ધંધો તેમના બાપ દાદાનો વારસાગત ધંધો છે. આજની તારીખે ઉત્સવ, મહોત્સવ અને વરઘોડોમાં બગ્ગીની જરૂરિયાત ઊભી થાય છે.

ઘોડાની બગ્ગી તૈયાર કરવા માટે સામાન્ય માલ સામાન વપરાય તો પણ ૭૦ થી ૮૦ હજારમાં તૈયાર થાય છે. હાલના સંજોગમાં ઘોડાની બગ્ગી તૈયાર કરવા માટે સારા કારીગરોની ઊણપ છે. તેથી બગ્ગીવાળા પોતે જ ગાડી તૈયાર કરે છે.

બગ્ગીની આગળ જેટલા ઘોડા જોડવા હોય તેટલા જોડી શકાય છે. એક ગાડીમાં ૨૦ જેટલા ઘોડા જોડી શકાય છે.

૨ બગ્ગી:

બગ્ગી તૈયાર કરવામાં હાલમાં જ લાકડું વપરાય છે તે બાવળ અથવા તનજ હોય છે. પહેલાની બગ્ગીમાં બદામના વૃક્ષનું લાકડું વપરાતું હતું. ઘોડાના પટ્ટા તરીકે જે ચામડાનો ઉપયોગ થાય છે તે ગાયનું ચામડું હોય છે. બગ્ગીમાં બત્તી, નાના બલ્બો, વરરાજા બેસે છે તેના ઉપર છત્રી ગોઠવવાથી બગ્ગી ઔર સુંદરતા લાવે છે.

વરઘોડોમાં બગ્ગી સાથે તાત્કાલિક નવો ઘોડો લગાડવામાં આવતો નથી. તેને ટ્રાફિક, ફટાકડાનો અવાજ તેમજ માનવીઓની વચ્ચે રહેવાની ટેવ પાડવામાં આવે છે જેથી તે ફટાકડાથી ભડકે નહીં. બગ્ગીમાં હાલ જે ઘોડા જોડાય છે તે પંજાબી સફેદ ઘોડા હોય છે જેની કિંમત ૫૦ થી ૬૦ હજાર જેટલી અંદાજી શકાય.

એક માન્યતા મુજબ લગ્નમાં ઘોડા પર વરરાજા બેસીને વરઘોડો કાઢવામાં આવે તો કોઈપણ અનિચ્છનિય ઘટના બનતી નથી. કેટલીક વ્યક્તિઓ પોતાના મકાન બાંધતા પહેલા જ દિવસ સુધી તે જગ્યા પર ઘોડાને બાંધી રાખવામાં આવે છે પછી જ બાંધકામ શરૂ કરવામાં આવે છે.

તબલાં અને ઢોલની ઘરાકી નીકળવાની તૈયારી:

અમદાવાદમાં સંગીતના સાધનોનું એક મોટું બજાર છે. ઢોલ અને તબલા સિવાયના વાજીંત્રો ગાંધી રોડ ઉપર બાલા હનુમાન પાસે મળે જ્યારે ઢોલ-તબલા તો ડબગરવાડમાં જ. જ્યાં એક જ ઘરમાં લોકોને જીવતા સળગાવી માર્યા હતા. દરિયાપુર દરવાજાથી છેક ડબગરવાડ સુધી લગભગ ૪૦ જેટલી તબલા-ઢોલની દુકાનો છે. વર્ષાઋતુમાં છત્રીનો વેપાર અને બનાવટનું કાર્ય પણ આ વિસ્તારમાં જ થાય છે. તબલાની મોસમ શ્રાવણમાસથી જ શરૂ થઈ જાય છે. આ તબલા બજાર પણ તીવ્ર સ્પર્ધાથી ગુણવત્તાનું ધોરણ જળવાતું નથી. તબલા બજારમાં ચોક્કસ માપના તબલાના ભાવ નક્કી નથી હોતાં. આમ છતાં રૂા.૬૫૦ થી શરૂ કરીને રૂા.૪૦૦૦ સુધીના વિવિધ રેન્જમાં તબલા મળે છે. એક તબલાના વેપારીએ જણાવ્યું કે તબલાની કોઠી કે પડી કરતાં મુખ્યવાત મજૂરીની છે. સારો અવાજ આવે તેના માટે તેના પર શાહી યોગ્ય રીતે લગાડેલી હોવી જોઈએ. ૧૬ થરોનું ટ્યુનીંગ વ્યવસ્થિત થવું જોઈએ. જેથી ગજરો નીચે ઉતરે નહીં. આજે તબલા ઉદ્યોગનું પણ વિકેન્દ્રીકરણ થઈ ગયું છે. તબલા માટેનો કાચો માલ ગોધરા અને સોલાપુરથી આવે છે. ત્યારબાદ પડી તૈયાર કરવામાં આવ છે. ગજરો અને વાઘર તથા દટ્ટા લગાડીને છેવટે શાહી ચોપડીને તબલા તૈયાર કરાય છે. તબલામાં ચામડું બકરાનું વપરાય છે. તેમાંય બરડાનું ચામડું ઉત્તમ ગણાય છે. તબલામાં જે લાકડાનું બનેલું સાધન તબવું અને ધાતુનું બનેલું સાધન ભાગને 'કોઠી' અને ઉપરના ભાગને 'મેદાન' અને કોઠી તથા ચામડાને ગોળાકારે ચામડીની પટ્ટી વડે જોડતી રચના 'ગજરો' કહેવાય છે. જ્યારે ગજરાથી તળીયા તરફ જોડેલી ચામડાની પટ્ટી વાઘર તરીકે ઓળખાય છે. તબલાના મુખ્ય ભાગ શાહી અંગે એક નિષ્ણાત વેપારીએ જણાવ્યું કે, શાહીથી જ તબલાનો સુમધુર અવાજ આવે છે. આ શાહી દરિયા કિનારે થતાં ખાસ પ્રકારના પથ્થરમાંથી બને છે. આ શાહી લગાવતા પાંચ-સાત કલાક લાગે છે. શાહીને ચોંટાડવા ઘઉંના લોટનો ઉપયોગ થાય છે પણ કેટલાક ફેવીકોલ પણ લગાવે છે. વાઘર વિનાના નટ બોલ્ટવાળા પણ બજારમાં હવે મળતાં થયા છે. તબલાના પણ જુદા જુદા નામો હોય છે જેમ કે બટવો, જીવાળી, નાટી, દોકળ વગેરે.

તબલામાં જે શાહીનું મહત્વ છે તે ઢોલ અને ઢોલકમાં મસાલાનું મસાલો અંદરની તરફ ચોંટાડવામાં આવે છે. તેલના કચરામાં દિવેલ નાખીને નરમ કરી તેમાં ગુંદરને ભેળવવામાં આવે છે. પછી તેને અંદરની બાજુ ચોંટાડવામાં આવે છે. આ વાદ્યની અવાજ જ્યાં સુધી મસાલો રહે ત્યાં સુધી રહે છે. ત્રણ-ચાર મહિને ફરી મસાલો બદલવો પડે છે. ઢોલમાં હવે પ્લાસ્ટીકનું પણ ચલણ શરૂ થયું છે. સ્ટીલની કોઠીવાળા ઢોલ પણ હવે મળતા થયા છે. રૂા.૩૦૦ થી ૫૦૦ સુધીના ઢોલ મળતાં હોય છે.

ભારતની ઢોલ ગર્લ:

જહાં ગીત સિંઘ ભારતની સૌથી નાની વયની ઢોલી છોકરી છે. ઢોલ હંમેશા પુરૂષો જ વગાડે એવા ઢાંચા અને સામાજિક વિચારસરણીનો છેદ ઉડાડીને બાર વર્ષની ઉંમરે ઢોલ વગાડવાની શરૂઆત કરી આઠ કિલો વજનનું ઢોલ વગાડવું એ નાની સુની વાત નથી. ઢોલ છોકરી વગાડે તે વાત હાંસીને પાત્ર બની ત્યારે પણ અડગ રહી સમાજ વિરોધ કરતો રહ્યો અને માતા-પિતા ના સહકારથી ઢોલીબ ની ગઈ. જહાંને ઢોલી શીખવા માટે ગુરૂ પણ મળી ગયા અને આજે યુવાન વયે ઢોલીનું બહુમાન પણ મળવા લાગ્યું છે.

જહાં કહે છે કે, ઢોલ એ પંજાબના તહેવાર અને પ્રસંગનું અભિન્ન અંગ છે. આપણે ત્યાં નાસિક ઢોલ બહુ જાણીતું છે. દીકરા દીકરીના ભેદ રેખા વચ્ચે જહાં ગીત કૌરનું નામ બદલીને જહાં ગીત સિંઘ કર્યું છે. શિક્ષકે તેને વારંવાર ટપારી ટોકતા હતાં કે, પુરૂષની જેમ ઢોલ વગાડ ત્યારે જહાં જવાબ આપતી હતી કે, આઈ વિલ પ્લે લાઈક અ ગર્લ અને આઈ વિલ પ્લે ધ બેસ્ટ એની વન કેન એટલે કે, હું એક યુવતિની જેમ જ ઢોલ વગાડીશ અને સારી રીતે ઢોલ વગાડી બતાવીશ.

કાયાવરોહણ -
પાશુપત સંપ્રદાયના પ્રવર્તક લકુલીશની પ્રાકટ્ય ભૂમિ

- નરેશ અંતાણી
ફોટોગ્રાફ્સ – ટીમ અતુલ્ય વારસો

વડોદરા, ભરુચ અને રાજપીપળા જિલ્લાનાં નર્મદા કિનારે તથા તેની આસપાસ પ્રાચીન, અર્વાચીન તથા આધુનિક સમયના અનેક તીર્થો આવેલા છે. આ પૈકી એક છે કાયાવરોહણ કે જ્યાં પાશુપત સંપ્રદાયનાં સ્થાપક લકુલીશનાં બેસણા આવેલા છે. મધ્ય ગુજરાતના વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં ડભોઈથી ૧૧ કિ.મીના અંતરે આ સ્થળ આવેલું છે. કારવણ અથવા કાયાવરોહણ અનેક નામોથી જાણીતું છે જેમ કે સતયુગમાં તે ઈચ્છાપુરી, ત્રેતાયુગમાં માયાપુરી, દ્વાપરમાં મેઘાવતી અને હાલમાં કાયાવરોહણ એવા નામથી જાણીતું છે. એક કથા પ્રમાણે ઉલ્કાપુરી કે અવાખલના સુદર્શન ઋષિના પુત્રનું શબ આ સ્થળે અદ્રશ્ય થયું તેથી આ સ્થાન કાયાવરોહણ, કાયાવિરોહણ, કારોહણ કે કાયાવતાર તરીકે પણ ઓળખાવા લાગ્યું હતું અને તેના નામ પરથી જ હાલનું કારવણ નામ આવ્યું હોવાનું ઈતિહાસવિદ્ શિવપ્રસાદ રાજગોર તથા જે.પી.અમીન નોંધે છે.

પાશુપત સંપ્રદાયનાં સ્થાપક અને ભગવાન શિવનાં અઠ્યાવીસમાં અવતાર તરીકે ઓળખાતા ભગવાન લકુલીશની આ પ્રાકટ્ય ભૂમિ છે. લકુલીશએ વિશ્વરૂપ અને સુદર્શનાના પુત્ર હતા. તેઓ લકુલી, નકુલી, લટુકી કે લકુલીશ તરીકે પણ જાણીતા છે. આ તમામ નામોના મૂળમાં લકુટ શબ્દ રહેલો છે જેનો અર્થ દંડ કે દંડીકો એવો થાય છે. તેથી જ લકુલીશની દરેક પ્રતિમાઓના એક હાથમાં લકુટ ધારણ કરેલો જોવા મળે છે. લકુલીશની કેટલીક પ્રાચીન પ્રતિમાઓ કાયાવરોહણ અને તેની આસપાસનાં વિસ્તારમાંથી મળી આવે છે જેમ કે નજીકમાં જ આવેલા ટીંબરવા ગામમાંથી ઈ.સ. છઠ્ઠા સૈકાની બે મૂર્તિઓ મળી આવે છે. કાયાવરોહણ સ્થિત લકુલીશની બે મૂર્તિઓ જોવાલાયક છે જેમાંની એક બ્રહ્મેશ્વર મંદિરમાં પ્રતિષ્ઠીત કરાઈ છે. લકુલીશની પ્રતિમા મોટેભાગે યોગાસનમાં બેઠેલા હોય તેવી હોય છે તેમજ તેમના એક હાથમાં બીજોરું અને બીજા હાથમાં લકુટ ધારણ કરેલું હોય છે, માથે જટા હોય છે અને મોટાભાગે શિવલિંગની બાજુમાં જ સ્થાપના કરવામાં આવેલી હોય છે.

કાયાવરોહણ મોટું શૈવ અને શકિતતીર્થ છે. વિશ્વામિત્ર ઋષિએ તેને કાશી જેવું મોક્ષધામ બનાવ્યું હોવાનું પણ કહેવાય છે. અહીં તળાવ કિનારે આવેલી અનેક સમાધિ મંદિરોની દિવાલો પર સલાટી શૈલીના ભીંતચિત્રો જોવા મળે છે. અહીંથી તાંબાના પંચમાર્ક સિક્કા, કુશાન રાજા પહેલી સદીનો સિક્કો તથા શાતકર્ણીના સિક્કાઓ પણ મળે છે જે આ સ્થળની પ્રાચીનતા દર્શાવે છે. અહીં ગુપ્તકાળના સમયની મોટી ઈંટો પણ જોવા મળે છે. અહીંના મોટાભાગનાં શિવલિંગનો ઉપરનો રુદ્રએ ગોળાકાર, મધ્યનો વિષ્ણુ ભાગ અષ્ટગોળ આકારનો તેમજ નીચેનો બ્રહ્મભાગ ચોરસ જોવા મળે છે. અહીં નજીકનાં સ્થળોમાં પોઈચા, સ્ટેચ્યુ ઓફ યુનિટી, નારેશ્વર અને ડભોઈ શહેર જોવાલાયક છે.



પ્રાચીન ભારતમાં પશુયુદ્ધો

- જોરાવરસિંહ જાદવ
ફોટોચિત્ર સંદર્ભઃ પ્રદીપ ઝવેરી



ધરતીને ખોળે ખેલતાં અન્ય પ્રાણીઓની સરખામણીમાં માનવી વધુ આનંદપ્રિય અને ઉલ્લાસપ્રિય છે. આનંદના માણીગર રસિયા માનવીએ સંસ્કૃતિ વિકાસના કેડે ચાલતાં નીત નવાં મનોરંજનનાં સાધનો શોધી કાઢ્યાં છે.

ભારતીય મનોરંજનમાં પશુઓઃ

પ્રાચીન ભારતમાં માનવીઓનો જીવનસંઘર્ષ આજના જેટલો જટિલ ન હોવાથી પ્રમાણમાં લોકો સુખી હતી. નવ નિરાંત અને સોળ સુખ એમના આંગણે અલપ-ઝલપ કરતાં હતા. કોઠીઓ કણથી ભરેલી રહેતી. પશુપાલનને પ્રતાપે ઘી-દૂધની નદીઓ વહેતી. આમ કુદરતી અનુકૂળતાઓની વચ્ચે વિવિધ પ્રકારની કળાઓ ખીલી અને આ કળાઓ મનોરંજનનું મહત્વનું માધ્યમ બની રહી. મનોરંજનોને દૈનિકજીવનમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત થયું. સમૃદ્ધ લોકો મનોરંજનનાં સાધનો અને સવલતો જાહેર સ્થળોએ ઉપલબ્ધ કરાવી આપવાનું પુણ્ય અને યશ કમાવા લાગ્યા. આવા મનોરંજનમાં રથદોડ, ઘોડાદોડ, વનવિહાર-મૃગયા, નૃત્ય, નાટક, વાદ્ય, જાદુમંતર, મદારીના ખેલો, મલ્લકુસ્તી, ઉદ્યાન-યાત્રા, જુગાર, શતરંજ, સુરાપાન તથા પશુપ્રાણીઓનાં યુદ્ધ અત્યંત મહત્વનાં બની રહ્યાં હતાં.

સિંધુખીણમાં પશુયુદ્ધોનું પગેરુંઃ

પ્રાચીન પશુયુદ્ધોમાં ગેંડા, હાથી, ઘોડા, ભેંસો, સાંઢ, બકરાં, ઘેટાં, મરઘાં, તેતર, મોર, બતક અને બળદોનાં પરસ્પરનાં યુદ્ધો અત્યંત જાણીતાં હતાં. સિંધુખીણના લોકોને પશુપક્ષીઓની લડાઈઓ કરાવવાનો અને જોવાનો ખૂબ જ શોખ હતો. એ સમયની જે મુદ્રાઓ મળી આવે છે તેના પર લડતાં પશુપક્ષીઓની અદ્ભુત અંગભંગિમાઓ અંકિત થયેલી જોવા મળે છે. જાતક યુગમાં હાથી અને ઘેટાંના પરસ્પર યુદ્ધો લોકમનોરંજનનું સાધન બની રહ્યાં હતાં. બૌદ્ધ સાહિત્યમાં હાથી, ઘોડા, ભેંસો, સાંઢ, બકરાં, ઘેટાં, મરઘાં, તેતર વગેરે પશુપક્ષીઓની લડાઈના ઉલ્લેખો મળે છે. પ્રાચીન ગ્રંથોમાં પણ અનેક જગ્યાએ આના ઉલ્લેખો ઉપલબ્ધ મળે છે. 'બ્રહ્મજાલ સૂત્રમાં' હાથી, ઘોડા, ભેંસ, બળદ બકરાં, ઘેટાં, મરઘાં, તેતર અને બતકોની લડાઈના ઉલ્લેખો મળી આવે છે.

આ ઉપરાંત મહાભારત, હરિવંશ, હર્ષચરિત, અમરકોશ, દશકુમારચરિતમાં પશુયુદ્ધોની વાત અને વર્ણન આવે છે. પદ્મપુરાણ અને સ્કંદપુરાણના કાર્તક-માસ-માહાત્મ્યમાં રાજાઓ માટે દિવાળીના બીજા દિવસે પડવાના રોજ બળદ, ભેંસો વિગેરે પશુઓનું યુદ્ધ કરાવવાનું જણાવાયું છે. આ પશુયુદ્ધો જે રીતે કરાવતાં એની ઝાંખી સ્કંદપુરાણમાં જોવા મળે છે. પશુઓની સંભાળ રાખનારા ગોવાળિયા, લડનારાં પશુઓને અખાડામાં સામસામે ઊભાં રાખી તેમનાં બચ્ચાંને ત્યાંથી આઘા ખસેડી લેતાં. પછી પશુઓને સીસકારીને સામસામે લડાવતાં. હર્ષચરિતમાં હસ્તિયુદ્ધનો માત્ર ઉલ્લેખ જ મળી આવે છે. એનું વિગતે વર્ણન મળતું નથી. પરંતુ 'માનસોલ્લાસ'માં મનોરંજન માટેની આ રાજરમતની વિગતો મળી આવે છે. વાત્સ્યાયને 'કામસૂત્ર' માં વારતહેવારે નગરજનોન ભોજન વગેરેમાંથી પરવારીને મરઘાં, ઘેટાં, તેતર વગેરે પક્ષીઓનું યુદ્ધ જોવા માટે જણાવ્યું છે.



હસ્તિયુદ્ધ:

જુના વખતમાં હાથીઓની લડાઈ હસ્તિયુદ્ધને નામે ઓળખાતી હતી. સોમેશ્વરે હાથીઓના યુદ્ધને ''ગજવાહ્યાલિવિનોદ'' ના નામે વર્ણવ્યું છે. આ યુદ્ધમાં મસ્ત હાથીઓને સામસામે લડાવવામાં આવતા. લડાયક હાથીઓને દવાદારૂ પાઈને ભારેખમ, તંદુરસ્ત, તગડા અને ભયંકર બનાવવામાં આવતા. મૃગ, મંદ અને મદ્ર એ હાથીની મુખ્ય ત્રણ જાતો છે.

એ સિવાય મિશ્ર અને સંકીર્ણ જાતો પણ છે. કેટલાક હાથી કફપ્રધાન, કેટલાક વાયુપ્રધાન અને કેટલાક પિત્તપ્રધાન હોય છે. જ્યારે કેટલાક હાથી સાત્વિક, કેટલાક રાજસી, કેટલાક તામસી અને કેટલાક મિશ્ર પ્રકૃતિના હોય છે. સામસામા યુદ્ધમાં ઉત્તરનારા હાથીઓને ગોળી, ચૂરણ અને મલમના રૂપે ઔષધિઓ આપવામાં આવતી. હાથીને મદમસ્ત બનાવવા માટે મદભેદન, મદબર્ધન, મદવૃદ્ધિકર અને મદગંધપ્રવર્તન નામની દવાઓ આપવામાં આવતી. હસ્તિયુદ્ધ થવાનું હોય તેના આગલા દિવસે હાથીઓને ક્રોધી બનાવવા માટે 'ક્રોધદીપન' નામની ગોળીઓ ખવરાવવામાં આવતી. હાથીને હૃષ્ટપુષ્ટ બનાવવા માટે અને એની તંદુરસ્તી વધારવા માટે ખાસ ઔષધો બનાવીને ખવડાવવામાં આવતાં.


યુદ્ધને દિવસે ઢંઢેરો:

લડાઈના અખાડામાં ફક્ત તગડા હાથીઓને જ ઉતારવામાં આવતા. દૂબળા, પાતળા માંદલા હાથીઓને લવાતા નહીં. આ હાથીઓમાં શૂરવીરતા પ્રગટાવવા માટે 'મારું' નામનાં નાનાં નાનાં વાજાં વગાડવામાં આવતાં. હાથીના મહાવતો રહી રહીને યુદ્ધનું આહવાન આપતા અને યુદ્ધ માટેનાં સૂત્રો પોકારતા. હાથીઓને ઉત્તેજિત કરવા ખાસ દવાઓ અપાતી. યુદ્ધને દિવસે હાથીને ભૂખ્યા તરસ્યા રાખવામાં આવતા. એની પીઠ પર તેલનું માલિશ કરાતું. ' એના માથા અને સૂંઢ ઉપર સિંદૂર લગાડવામાં આવતું. હસ્તિયુદ્ધના દિવસે નગરમાં ઢંઢેરો પીટવામાં આવતો. આજે અખાડામાં હસ્તિયુદ્ધ થનાર છે એટલે જાડા માણસો, અપંગ માણસો, સગર્ભા સ્ત્રીઓ, ઘરડાં-બુઢ્ઢાં અને બાળકો ઘર બહાર નીકળશો નહીં. ઝડપથી દોડી શકે તેમ હોય તે સૌ અખાડા ઉપર હાથીઓનું યુદ્ધ જોવા આવી પહોંચજો.

હાથીના યુદ્ધ માટેનો અખાડો:

હાથીઓના યુદ્ધ માટે નગરમાં ખાસ પ્રકારનો અખાડો બનાવવામાં આવતો. આ અખાડાની લંબાઈ ૪૦૦ હાથ અને પહોળાઈ ૨૪૦ હાથ રહેતી. અખાડાની અંદર એક જાળ પાથરેલો ઊંચો અને મજબૂત ચબૂતરો રહેતો. એની ચારે બાજુ ઊંડી ખાઈ બનાવાતી. આ ખાઈ 'આલોકમંદિર' ને નામે ઓળખાતી. રાજાઓ પોતાના કુટુંબ-પરિવાર અને દરબારીઓ સાથે તેમાં બેસીને હસ્તિયુદ્ધની મોજ માણતા. આ અખાડાની ઉત્તર અને દક્ષિણ દિશામાં એના જેવા જ બે નાના જાળીદાર ચબૂતરા રહેતા. એની ફરતી ચારે બાજુ ખાઈઓ રહેતી, તેના પર બેસીને નગરજનો આ યુદ્ધનો આનંદ માણતા.

સવારના દસ અગિયાર વાગ્યાના સુમારે ભોજન કર્યા બાદ રાજા સજીધજીને પોતાના કુટુંબ - પરિવાર સાથે રંગસ્થળમાં પધારતા. તેઓ સીધા 'આલોકમંદિર' માં જઈને પોતાની બેઠક લેતા. નગરના લોકો પોતાની નિયત જગાએ ગોઠવાઈ જતા. પ્રારંભમાં રાજા પરિકારક એટલે કે ઝડપથી દોડનારા લોકોને બોલાવીને તેમની સાથે વાતચીત કરતા. આ પરિકારકો હાથીને પણ પાછળ પાડી દે તેવા ઝડપી દોડનારા હતા. આરંભ એમનાથી થતો. દોડનારા જો હાથીની આગળ નીકળી જાય તો તો ઠીક પણ જો ઝપટે ચડી જાય તો હાથી સૂંઢમાં ઘાલીને એમને ઉડાડી મૂકતા.



ક્યારેક ક્યારેક રાજના ચોરોને પણ હાથીની સાથે દોડાવવામાં આવતા. ચોર લોકો જો દોડવામાં હાથીની આગળ નીકળી જાય તો તેમનો ગુન્હો માફ કરવામાં આવતો, અને જો કો'ક ચોર લફડફફડ કરતો હાથીની ઝપટે ચડી જાય તો હાથી એને યમદ્વારે પહોંચાડી દેતો. દોડવાનું કામ પૂરું થાય ત્યાં સુધીમાં તો હાથી મસ્તીની ચરમસીમા પર પહોંચી જતો. પછી મહાવત અને કેટલાક ઘોડેસ્વારો હાથીના મોં પર કપડું ઢાંકી દેતા અને પછી હાથીને અખાડામાં લઈ આવતા એ પ્રસંગે મોટા મોટા ત્રંબાળું ઢોલ, યુદ્ધના નગારાં અને જયઘંટા જેવા વાદ્યો વગાડીને વાતાવરણમાં એક જાતની ઉત્તેજના પ્રગટાવવામાં આવતી.

હાથી ઉપર પ્રહારોઃ

વાજિંત્રોના અવાજથી હાથી ઉત્તેજિત થાય એટલે એના માથા ઉપરથી કપડું ખસેડી લઈને સામે ઊભેલા પરિકારક (દોડનાર) તરફ હાથીને છૂટો મૂકાતો. હાથી પેલાને સૂંઢમાં પકડી લેવા આગળ દોડતો. ત્યારે ઘોડેસ્વારો પાછળ આવીને હાથી પર અણિયાળા ભાલાથી પ્રહારો શરૂ કરતા. આથી અકળાયેલો હાથી દોડનારને પડતો મૂકીને ઘોડેસ્વારોનો પીછો કરતો. જે ઘોડેસ્વાર પકડાય તેના રામ રમાડી દેતો. પછી ચિંઘાડતો હાથી પ્રેક્ષકો પર ઝપટ બોલાવતો. જે એની હડફેટે ચડે એને પગ તળે કચડી નાખતો. દાંતથી ચીરી નાખતો અને સૂંઢ વડે આકાશમાં ઉડાડીને એનાં હાડકાંપાંસળા ખોખરાં કરી નાખતો. આથી ચોતરફ હાહાકાર મચી જતો. જોનારની ભાગંભાગ શરૂ થતી. એ પછી હાથણીઓ અને ઘોડેસ્વારોની મદદથી ઉન્મદી હાથીને વશ કરવામાં આવતો. આમ ચારે બાજુ હુડદંગ મચાવ્યા પછી હાથીઓની લડાઈનો ખરો આરંભ થતો. હાથી પોતાની શક્તિ, ઉંમર અને જાતિ અનુસાર મોટે ભાગે સૂંઢ અને દાંત વડે લડતા. દાંત વડે એક હાથી બીજા પ્રતિસ્પર્ધી હાથીને ૧૪ પ્રકારે ચોટ પહોંચાડતો.

તીરછી ચોટ જે નીચેથી ઉપર સુધી જાય તેને 'પરિલેખ' કહેવાતી. ડંડા જેવી સીધી ચોટ 'ઊર્ધ્વઘાત' ને નામે ઓળખાતી. પોતાના દાંત વડે એક હાથી બીજા હાથીનું મોં પકડી રાખીને એને સતાવે એ 'કર્તરીઘાત' કહેવાતી. દાંતોના મૂળમાં પડેલો ઘા 'તલઘાત' ને નામે ઓળખાતો. વિપક્ષી હાથીનું મોં ઊંચું કરીને એને ચોટ પહોંચાડવામાં આવે તે 'અજઘાત' કહેવાતી. માથું ઊંચું કરીને એક જ દાંત વડે બીજા હાથીને ચોટ પહોંચે તે 'સુચિઘાત' ગણાતી. યુદ્ધ વખતે હાથીને આજુબાજુ કે આડા અવળા ન ઊભા રાખતા. સામસામે ઊભા રાખવામાં આવતા. હાથીની લડાઈ પૂરી થયા પછી રાજા તરફથી વિજેતા હાથીના માલિકને અને યુદ્ધમાં ભાગ લેનાર તમામને ખાસ ઈનામો આપવામાં આવતાં. મોગલકાળમાં હાથીઓના યુદ્ધનો તમાશો મનોરંજન માટેનું એક રજવાડી સાધન હતું. મુસ્લિમ બાદશાહોને પશુયુદ્ધો અત્યંત પ્રિય હતાં.

પ્રાચીન પાડાયુદ્ધ :

પ્રાચીનકાળમાં થતી પાડાની લડાઈનો ઉલ્લેખ 'માનસોલ્લાસ' માંથી મળે છે. જુના વખતમાં પશુઓની લડાઈમાં પાડાયુદ્ધ અત્યંત લોકપ્રિય અને મનોરંજક હતું. કાઠિયાવાડ, કોલ્હાપુર, પંજાબ અને બરારુ પાડા લડાઈ માટે ખૂબ જ જાણીતા હતા. આ લડાયક પાડા શરીરે ખૂબ ભારે હતા. એની ડોક જાડી, પેટ નાનું, આંખો લાલ અને પીઠનો ભાગ પાતળો રહેતો. એના મોંની મોકલી (ડાચું) અને શિંગડાં નાનાં અને પૂછડું ધોળું રહેતું. પાડો એકાદ વર્ષનો થાય ત્યારથી નક્કી કરવામાં આવતું કે આને લડાઈનો પાડો બનાવવો કે ગામપાડો બનાવવો ? જેને લડાકૂ પાડો બનાવવાનું નક્કી થતું તેને ખવરાવી પીવરાવીને તાજોમાજો કરવામાં આવતો. બાર મહિના પછી એનું નાક વીંધીને નાથ ઘાલવામાં આવતી. ક્યારેક લોઢાની જાડી કડી પણ નંખાતી. આ પાડાને દિવસ આખો તળાવના પાણીમાં છૂટથી સહેલગાહ કરવા દેવમાં આવતી. આમ ખાઈપીને તનકારા કરતો ને પાણીમાં સેલારા દેતો પાડો પાંચ વર્ષે કતડિયા જેવો બનીને ફાટીને ધૂંવાડે વહ્યો જતો.

પૂર્વ તૈયારીઓ :

પાંચ વર્ષ પછી પાડાને યુદ્ધમાં ઊતારવામાં આવતો. પાડાના માલિકો યુદ્ધને દિવસે પોતાના પાડાના આખા શરીરે કીચડ ચોપડી લીમડાનાં પાંદડાની માળા બનાવીને એની ડોકે પહેરાવતા. લડાઈના અખાડામાં ગોવાળિયા પોતાના પાડાને સામસામે ઊભા રાખીને, પાડાની પીઠ પર ધબ્બા મારી હાંકલા ને પડકારા કરતા. ક્યારેક ઢોલ અને નગારાં વગાડીને સામસામા ઊભા રાખીને સીસકારવામા આવતા.

પ્રારંભમાં પાડા એકબીજા સામે ત્રાંસી નજરે તાકી રહેતા. પછી માથાં કે શિંગડા ભીડાવીને લડતા. બળિયો પાડો પ્રતિસ્પર્ધીને હંફાવતો. આ લડાઈ જોનારા લોકો રિડિયારમણ કરતા. આથી પાડા વધુ જોશમાં આવી જતા. પછી ગાંગરતા, પડતા, આખડતા, ધૂળની ડમરીઓ ચડાવતા, મોંમાંથી ફીણના ફોહાં ઉડાડતા. આ લડાઈમાં ક્યારેક પાડાના પગ કે શીંગડાં ભાંગી જતાં. ક્યારેક પાડા ઘાયલ થતા ને ક્યારેક મરી પણ જતા. ઘાયલ થયેલો પાડો ભાગે એટલે યુદ્ધ પૂરુ થતું. વિજેતા પાડાના માલિકને પુરસ્કાર આપી નવાજવામાં આવતા.

આખલાનાં યુદ્ધો :

લોકજીવનમાં પશુપાલનનો મહિમા વિશેષ હતો ત્યારે પાડાયુદ્ધોની જેમ આખલા (ખૂંટિયા-સાંઢ) યુદ્ધો પણ થતાં. પાડા અને આખલાની લડાઈના ઉલ્લેખો પદ્મપુરાણ અને સ્કંદપુરાણમાંથી પ્રાપ્ત થાય છે. દિવાળીના બીજા દિવસે ગોવાળિયાઓ આખલાની લડાઈઓ કરાવતા. શરદપૂનમની રાતે ભગવાન શ્રીકૃષ્ણે વ્રજની શેરીઓમાં આખલાની લડાઈ કરાવી હતી એનો ઉલ્લેખ 'હરિવંશ' માંથી સાંપડે છે.

ઘેટાંની લડાઈ :

લડાયક ઘેટાંની ત્રણ જાત ગણાય છે (૧) ચોલિક (૨) જટિલ અને (૩) લાલ. ચોલિક ઘેટાંના ભવાં, પગ, પેટ, મોં અને કાન કાળા હોય છે, જ્યારે જટિલ ઘેટાંનું ઊન લાંબું, ઘાટું અને નરમ હોય છે. રક્તવર્ણા ઘેટાંને લાલ કહેવાય છે. એનો બરડો ઊંચો-નીચો અને એનું ઊન નાનું મોટું હોય છે. શરીરે નાના, મોં પહોળું ભમર પાછળ, પૂંછળી પર અર્ધચક્ર હોય અને આકારમાં જે વીંછી જેવો હોય તે ઘેટો શુભ લક્ષણવાળો ગણાતો.

લડતી વખતે આ ઘેટાં કદાપિ મેદાન છોડીને ભાગતાં નહીં. લડાયક ઘેટાંને અત્યંત કાળજીપૂર્વક ઉછેરવામાં આવતા. સવારસાંજ અને તાજી હવામાં ફરવા લઈ જવાતાં. એનાં શીંગડાં પર લોઢાની કુંડલીઓ લગાડવામાં આવતી. આવાં ઘેટાંને અંધારિયા ઓરડામાં પૂરવામાં આવતાં અને તોફાની બનાવવા દારૂ પણ પીવરાવતો. સામાન્ય રીતે ઘેટાંની લડાઈ રવિવારે યોજાતી. લડાઈના દિવસે ઘેટાંને ઓછું ખવરાવવામાં આવતું. શિંગલા ઘેટાં સામસામા શીંગડાં ને માથાં ભરાવીને લડતા. લડતી વખતે શીંગડાંના ખટાક ખટાક અવાજ સંભળાતા. ક્યારેક લડતાં ઘેટાં ધીક લઈને ઝાડ થતાં, તો ક્યારેક સામસામે શીંગડાં ભટકાઈ જતાં એકબીજાના ખભામાંથી માંસના ટુકડા નીકળી પડતા તે લોહીના ખળખળિયા વહેતા. ભાગી છૂટનાર ઘેટાંની હાર ગણાતી. વિજયી ઘેટાંના માલિકને ઈનામ અને વિજયધ્વજ મળતો. કોઈ નિર્દોષ માણસોને લડાવી મારે તેને 'ઘેટાંલડાઈ કરાવી' એવો શબ્દ પ્રયોગ ગુજરાતી ભાષામાં પ્રચલિતછે જે ઘેટાં લડાઈનો અવશેષ હોવાનું સૂચવે છે.

પશુયુદ્ધો દ્વારા ખેલાતો જુગાર :

પ્રાચીન સમયમાં વિવિધ પ્રકારનાં પશુયુદ્ધો દ્વારા જુગાર રમવાનો રિવાજ પણ જાણીતો હતો. માનવ ધર્મશાસ્ત્રમાં જુગારને માટે સૌ પ્રથમ 'સમાવહય' શબ્દ પ્રયોજાયો હતો. એ પછી આગળ જતાં મનુ ભગવાને જુગાર અને 'સમાવહય' શબ્દની વ્યાખ્યા આપીને કહ્યું કે 'જડ અર્થાત્ અચેતન પદાર્થો દ્વારા જુગાર રમવામાં આવે તેનું નામ દ્યુત અને જીવજંતુ કે પશુ પ્રાણીઓ દ્વારા જુગાર ખેલવામાં આવે એનું નામ 'સમાવહય' ઘેટાં, મરઘાં તેતર અને પાડા યુદ્ધને આમાં ગણાવી શકાય. યાજ્ઞવલ્ક્યે આવાં યુદ્ધોને 'પશુદ્યુત' તરીકે જ ઓળખાવ્યાં છે. જૂના જમાનામાં ઘેટાં, પાડા અને મરઘાં જેવાં પશુ-પક્ષીઓને દોડાવીને અથવા લડાવીને એના પરિણામ પર જુગારના દાવ રમાતા હતા. મત્સ્યપુરાણમાં પણ આ બંને પ્રકારના જુગારનો ઉલ્લેખ જોવા મળે છે.

જૈન સાહિત્યમાં પશુદ્યુત :

જૈન સાહિત્યમાં પશુદ્યુતનું પ્રમાણ મળે છે. એ યુગમાં મરઘાં અને મોરની લડાઈ પ્રસંગે હજારો મુદ્રાઓ દાવમાં મૂક્યાના ઉલ્લેખો સાંપડે છે. આ પક્ષીઓની લડાઈ જોવા માટે લોકોનાં ટોળાં ઊમટી પડતાં. ચંપામાં મોરની લડાઈ પ્રસંગે એના સ્વામીને હજારો મુદ્રાઓની આવક જુગારના દાવ દ્વારા મળી હતી.

પશુદ્યુત રમતા રાજામહારાજાઓ :

ચંદ્રગુપ્ત મૌર્યને પશુયુદ્ધો જોવાનો ખૂબ જ શોખ હતો. વાર્ષિક ઉત્સવ પ્રસંગ પોતાને જોવા માટે ગેંડા, સાંઢ અને હાથીનાં યુદ્ધોનું આયોજન થતું. આ યુદ્ધોમાં લોકો મોટી રકમનો જુગારનો દાવ ખેલતા. રાજા, તેના સરદારો અને નગરજનો આ પશુદ્યુતમાં આનંદપૂર્વક ભાગ લેતાં.

ધર્મશાસ્ત્રોમાં પશુદ્યુતનો નિષેધ :

ઉપર વર્ણવે પશુયુદ્ધો દ્વારા જણાય છે કે, 'સમાવહય' અર્થાત પશુયુદ્ધો બે પ્રકારે થતાં. 'સપણબંધ' અર્થાતજેના પરિણામ પર જુગારની બાજી રાખવામાં આવે અને 'પણબંધરહિત' અર્થાત જેના પરિણામ પર બાજી રાખવામાં ન આવે તે. મનુ વગેરે મુખ્ય ધર્મશાસ્ત્રકારોએ 'સપણબંધ' ની સ્પષ્ટ નિંદા કરી છે, પરંતુ આપણબંધ પશુયુદ્ધને મનોરંજન માટેનું નિર્દોષ સાધન ગણ્યું છે.

પશુ સામે પરાક્રમી માનવીઓ :

પશુઓનાં યુદ્ધો લોકજીવનમાં જેટલાં પ્રચલિત હતાં એટલાં માનવી અને પશુનાં યુદ્ધો પ્રચલિત નહોતાં. તેમ છતાં છૂટાંછવાયાં આ યુદ્ધોના ઉલ્લેખો ય મળી તો આવે જ છે, જ્યારે બળિયા મલ્લને એની સામે લડનારો પ્રતિસ્પર્ધી મલ્લ મળતો નહીં ત્યારે એ મલ્લને વાઘ, સિંહ અને હાથી સાથે લડાવવામાં આવતો. રાણીઓ નિહાળી શકે તે માટે આવાં યુદ્ધોનું આયોજન તેમના ઝનાનખાનામાં કે રાણીવાસમાં આવેલા અખાડામાં જ થતું. જાતક સાહિત્યમાં આવાં યુદ્ધોનું વિશદ્ વર્ણન મળે છે. કેટલાક વીરો ધન મેળવવા માટે હાથી અને ચિત્તા સાથે લડાઈના જાહેર કાર્યક્રમો પણ કરતા.

માનવી અને સાંઢનાં યુદ્ધો :

શકિતની પરીક્ષા, બહાદુરી અને મનોરંજન માટે થતાં માનવી અને પશુયુદ્ધો ભારતમાં જ પ્રચલિત હતાં એવું નથી. સાંઢ સાથેના મલ્લયુદ્ધો સ્પેન અને પશ્ચિમના દેશોમાં પણ પ્રાચીનકાળથી અત્યંત લોકપ્રિય રહ્યાં છે. ખાસ તહેવારો પ્રસંગે મનોરંજન માટે મદોન્મત્ત સાંઢ સાથે માનવીનાં મલ્લયુદ્ધો થતાં. આ યુદ્ધો દ્વારા એના આયોજકોને ઘણી મોટી કમાણી થતી. એક અંદાજ અનુસાર સ્પેનમાં દર વર્ષે સાંઢયુદ્ધો દ્વારા ૫૦ કરોડ રૂપિયાની કમાણી થાય છે. આ યુદ્ધ જોનારા સ્પેનના લોકોની સાથે પરદેશીઓની સંખ્યા પણ ઘણી મોટી હોય છે. માનવી અને સાંઢના મલ્લયુદ્ધ માટેનો વિશ્વનો સૌથી મોટો અખાડો મેક્સિકોમાં આવેલો છે. એ પછી બીજા નંબરનો મોટો અખાડો સ્પેનના મેડ્રિડ શહેરમાં આવેલો છે. લોવેન્ટાસ નામના આ અખાડામાં એકી સાથે ૨૩૦૦૦ પ્રેક્ષકો આરામથી બેસીને સાંઢયુદ્ધ જોઈ શકે છે. ગરમીના દિવસો માનવી અને સાંઢના યુદ્ધ માટેની અનુકૂળ મોસમ ગણાય છે. આ મોસમમાં ખાસ કરીને રવિવાર- ગુરૂવાર તથા રજાઓઅને તહેવારોના દિવસોમાં આ યુદ્ધોનું ખાસ આયોજન કરવામાં આવે છે. મે મહિનામાં આવતા સેન ઈસીડ્રો નામના તહેવાર પ્રસંગે તો લાગલગાટ દસ- દસ દિવસ સુધી સાંઢયુદ્ધોનું આયોજન કરવામાં આવે છે. બોર્સિલોનમાં યોજાતા એક સાંઢયુદ્ધની આવક ૨,૮૦,૦૦૦ રૂપિયાની તો હોય જ છે.

યોદ્ધાને યમદ્વારે પહોંચાડતા સાંઢ:

યોદ્ધાએ ઓછામાં ઓછા બે સાંઢ સાથે યુદ્ધ કરવાનું હોય છે. આ યુદ્ધમાં મોટે ભાગે તો સાંઢ જ મરણને શરણ થઈ જાય છે. પણ ક્યારેક માતેલો સાંઢ યોદ્ધાને પણ યમદ્વારે પહોંચાડી દે છે. મરેલા સાંઢની ચોકસાઈ કરવા માટે એના માથામાં અણીયારો ભોંકવામાં આવે છે. પછી મરેલા સાંઢની મિજબાની ઉડાવવામાં આવે છે. સને ૧૯૧૯ માં જુઆન વેલ મોન્તેએ સાંઢ સાથેના ૧૦૯ જેટલાં યુદ્ધોમાં ભાગ લીધો હતો. ઉત્તમ પ્રકારના યોદ્ધાઓ ૮૦ થી ૯૦ સાંઢયુદ્ધોમાં ભાગ લઈને ૩૦ થી ૩૫ લાખ રૂપિયા સહેજે રળી લે છે. પછી બેઠા બેઠા આરામથી જિંદગી વિતાવે છે. આમ પશુ-પ્રાણીઓની સાઠમારી અને પશુઓ સાથે જોરાવર માનવીઓનાં યુદ્ધો પ્રાચીન કાળથી આપણે ત્યાં ચાલ્યા આવે છે અને માનવીને મનોરંજન પૂરું પાડે છે. આજે મનોરંજનના સાધનો વધતાં આવાં વીરતાભર્યાં પ્રાણીયુદ્ધો લગભગ નામશેષ થયાં છે.



હાલીસા ગામે જળ ઉપાસના

કૂવા વિશે આપણે સૌને જાણકારી હશે અને સામાન્ય રીતે સૌએ કૂવા તો જોયા જ હશે પણ આપણા અતુલ્ય ગુજરાતની કેટલીક ખુબીઓ,અગાઉનાં રાજવી, દાનવીરો, વેપારીઓની દીર્ઘ દ્રષ્ટીએ આપણને એવા વિશેષ જળ સ્થાપત્યો આપ્યા છે જે માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ સમગ્ર વિશ્વમાં કલા ક્ષેત્રે સુપ્રસિધ્ધ છે. જેમ ગુજરાતમાં આવેલી વાવો સ્થાપત્ય ક્ષેત્રે નામના ધરાવે છે તે જ રીતે કેટલાક કૂવાઓ પણ પ્રકાશમાં આવ્યા છે જે માત્ર જળ પ્રાપ્ત કરવાનું સ્થાન જ ન હોય પરંતુ તેથી વિશેષ હોય. રાજ્યનાં વિવિધ ગ્રામ્ય અને શહેરોમાં આવા અનેક નોંધપાત્ર કૂવાઓ આવેલા છે જેમાં ચાંપાનેરની હેલિકા વાવ, મહેમદાવાદનો ભમ્મરીયો કૂવો, વડનગરનો ઝણઝણીયો કૂવો, હાલિસાનો કૂવો વિશેષ છે.

ગાંધીનગર જીલ્લામાં હાલિસા ગામમાં ટાવર નજીક આંટીઘુંટી વાળા પગથિયા ધરાવતો આવો જ એક સુંદર ભમ્મરીયો કૂવો આવ્યો છે. કૂવાની પૂર્વ અને પશ્ચિમે સાત સાત પગથિયા વાળા પ્રવેશદ્વાર આવેલા છે. કૂવાની અંદર ઘણી બધી બાલ્કનીઓ અને ઝરુખાઓ આવેલા છે. લોકવાયકા પ્રમાણે લાખા વણઝારાએ આ કૂવો બાંધ્યો હતો. પ્રાથમિક તબક્કે અભ્યાસ કરતા આ વાવ ૨૫૦ વર્ષથી પ્રાચીન હોવાની જાણવા મળે છે. જો કે જે તે સમયે થયેલા કૂવાના સમારકામનાં લીધે કૂવાના અંદરનું મૂળ બાંધકામ સ્પષ્ટ થતું નથી, પણ કેટલાક ભાગોમાં ઈંટોનું ચણતર દેખાય છે જે ઈંટોની સાઈઝ જોતા પણ આ કૂવા ઓછામાં ઓછા ૨૦૦ કે તેથી વધુ સમયનો પ્રાચીન હોવાનો જાણવા મળે છે. બીજો મહત્વનો મુદ્દો એ છે કે યુરોપનાં પોર્ટુગલ શહેરમાં પણ આ પ્રકારની બાંધણી ધરાવતો કૂવો જોવા મળે છે બની શકે કે આઝાદી પહેલા અંગ્રેજ શાસન દરમ્યાન અથવા તેની આસપાસ પોર્ટુગલમાંથી કોઈ અહી આવ્યુ હોય અને આ કૂવા જોઈ તેને પોતાના દેશમાં પણ આવું બાંધકામ કરવાની લાગણી થઈ હોઈ. ગુજરાતમાં આવા કૂવા બાંધવાની પ્રથા જુની છે એટલે એવું શક્ય નથી કે પોર્ટુગલનું સ્મારક જોઈને હાલિસાનો કૂવો બંધાયો હોય, કેમ કે મહેમદાવાદનો કૂવો ઈ.સ. ૧૫મી સદીનો છે જ્યારે વડનગરનો કૂવો તો ઈ.સ. ૧૧મી સદી આસપાસનો છે.





આ કૂવાની ધ્યાન ખેંચે તેવી બાબત છે પ્રથમ માળ ઉતરતા પ્રથમ માળમાં જોવા મળતી ચિત્રકલા. અહીં યુધ્ધનું ખુબ સુંદર ચિત્ર જોવા મળે છે જેની શૈલી રાજસ્થાની કલાને મળતી આવે છે. શક્ય છે કે કૂવો બનાવવા માટે રાજસ્થાની કારીગરોનો ઉપયોગ થયો હોય અને તેઓએ કૂવાના બાંધકામ પછી વધારાનાં સમયમાં વાવને સુંદર બનાવવા અને પોતાની છાપ છોડવા આ ચિત્ર બનાવ્યું હોય.



ગાધીનગર નજીક આવેલ આ કૂવો પ્રવાસન દ્રષ્ટીએ ખુબ જ અગત્યની સાઈટ સાબિત થાય તેમ છે અને જળ સ્થાપત્યનો ખુબ સરસ નમૂનો શૈક્ષણિક દ્રષ્ટિએ પણ સવિશેષ છે. હાલીસા કૂવાની ખુબ જ નજીક કંથારપુર વડ આવેલો છે જે પણ જોવાલાયક છે. ટીમ અતુલ્ય વારસો તરફથી સ્થાનિક ગ્રામ પંચાયત અને **NSS** ની ટીમ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા સાથે મળીને આ કુવાની સાફ સફાઈ કરવામાં આવી હતી તેમજ જળ ઉપાસના કરવા અને લોકોમાં તેનું મહત્વ પુનઃ સ્થાપિત કરવા મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

Stepwell in Sevasi, Vadodara

- Urvashi Parmar

The seven storeyed Stepwell in Sevasi, is located around eight kilometres from the heart of Vadodara city and is considered amongst the oldest and most beautiful Vav of Sultan Mehmud Begada's time. Over five centuries ago, this stepwell was a lifeline for residents of Sevasi and surrounding villages.

This Vav was built in the memory of spiritual leader Vidhyadhar, who was an architectural marvel and quite popular among the locals. It is decorated with colourful lamps (diyas) and flowers during festivals by the villagers.The stepwell's entrance is impressive but when one looks up, a damaged dome greets you. The walls of the Stepwell adorn intricate wall carvings and sculptures of Hindu gods. The intermediate levels of the vav have false 'Jharokhas' on its walls, inscribed with motifs of floral patterns and animals such as elephants and horse but, this 542-year-old stepwell is in shambles and completely neglected now. The weakened structure badly needs to be restored and preserved.

Though diferent teams of archeology department and the district administration have visited the stepwell over last few years, not much has been done to refurbish it. The stepwell used to have abundant water a couple of decades ago as the 30-feet deep well inside was live. But soon the well dried up as the natural source of underground water got blocked.

Also there are locals who dispose of their waste, filling the 25-feet deep well with garbage and no room for water, causing it to dry up.





The Vessel, USA

- Yagna Otia



The Vessel - This architectural marvel and interactive experience comes to NYC's Hudson Yards courtesy of designer Thomas Heatherwick. The monument is comprised of 154 intricately interconnected flights of stairs, forming a cylindrical or vessel-type structure from the outside, partially inspired by ancient Indian stepwells. Inside, visitors will be able to climb nearly 2,500 stairs and stand on 80 landings to garner different viewpoints of the City via this immense piece of artwork. This colossal sculpture is a 150 ft high metal structure, shaped like a bowl of and is being touted as the mall of the rich people. The architect was highly inspired by the indian ancient step-well's design and real life functionality which not only gives a better overall look of this mammoth monument but also standing in as a new icon in the densely populated new york city.

આદિવાસી કલા

- આલાપ બ્રહ્મભટ્ટ

વર્ષાઋતુમાં પૂરબહારમાં ખીલી ઊઠતી વનરાજિ અને રૂપકડી ગિરિમાળાઓના સૂપસૌંદર્ય વચ્ચે વસતા આર્યો ધર્મ, કુદરતનાં તત્વો અને આનંદોત્સવોના પરમ ઉપાસક હતા. મંગલમય ધર્મ સાથે એકતાના તાણાવાણાથી લોકજીવનમાં વણાયેલા અનેરા આનંદોત્સવો પ્રાકૃતિક સૌંદર્યના અનુરૂપ ઉપાસકોની આગવી દેણ છે. આ આનંદોત્સવમાંયે માનવજીવનમાં આનંદ, ઉલ્લાસ અને ચેતનાનાં રંગછાંટણાં નાખી લોકહૈયાંને હેલે ચડાવનાર મેળાઓ સદાયે મોખરે રહ્યા છે. મેળો એટલે 'હળવું-મળવું' પરંપરાગત રિવાજ મુજબ નિયત કરેલાં સ્થળે ભેગા થવું. ધર્મની ધજા ફરકાવતાં ધાર્મિક સ્થળોએ માનવીઓના મેળા ભરાય છે. પીઠ કે ગુજરીમાં વાછરડાં, પાડા, બળદ, ઊંટ કે ઘોડાનાય મેળા ભરાય છે. મેળાઓ પાછળ જીવનની ઉન્નત અને પરિપૂર્ણ ભાવનાઓનો સાક્ષાત્કાર કરાવવાનો તથા જીવનને આનંદથી માણવાનો હેતુ હોય છે. 'મેળો' એવું કદાચ મોડેથી પ્રચલિત થયું હોય તો પણ મેળાનો ઉત્સવ ઘણો પ્રાચીન છે. તેના અનેક પુરાવા પ્રાચીન ગ્રંથોમાંથી સાંપડે છે. દરેક મેળાની સાથે એના મહાત્મ્ય અને એ સ્થળની પ્રાચીનતાનો ઈતિહાસ સંકળાયેલો જોવા મળે છે. આમ મેળાના ઈતિહાસની સાથે મેળાના ધાર્મિક સ્થળોનું મહાત્મ્ય ચમત્કારપૂર્ણ દંતકથાઓ, ગરબા અને દુહા પણ સાંપડે છે. એ દંતકથાઓમાં આવતા ચમત્કારો સાથે બાઝેલા અંધશ્રદ્ધાનાં જાળાંને સાફ કરીએ તો જે તે સ્થળના મેળાની, એના ધર્મસ્થળની પ્રાચીનતાનું રહસ્ય ઉકેલી શકાય.

પ્રાચીન સમયથી ભારતની સંસ્કૃતિ કૃષિ પ્રધાન હોવાથી પચાંગ, ઋતુઓ અને ખેતીના કામકાજની જરૂરીયાતો સાથે ઉત્સવો અને મેળાઓની ઉજવણીનો સમય ઘનિષ્ઠ રીતે સંકળાયેલો છે. સારો વરસાદ થાય તો ખેતી પણ સારી થાય અને ખેડુતો પણ આનંદથી હરખાઈ ઉઠે ત્યારે વરસાદની ઋતુમાં યોજાતા મેળાઓ મોટે ભાગે સ્થાનિક પ્રકારના હોય છે. મેળાની બીજી મોસમ ઓક્ટોબર અને નવેમ્બર માસ, નદીઓ અને જળાશયો વરસાદને કારણે અનેક સૌંદર્ય ધારણ કરે વળી વાતાવરણ પણ આહલાદક હોય આ સમયે ગ્રામ વિસ્તારોમાં મુસાફરી કરવાનું સરળ બને અને પાકની લહાણી પૂરી થવાને કારણે મેળા માણવાના પૈસા પણ હોય. તેથી મેળાની રંગત અનેરી જામે છે. મેળાઓનો ત્રીજો ગાળો ફેબ્રુઆરીથી એપ્રિલનો હોય છે. આ સમયે શિયાળું પાકતી લણણી થઈ હોય તેથી મેળો માણવાનો ઉત્સાહ સવિશેષ હોય વળી હોળી જેવા મુખ્ય તહેવારો પણ આજ સમયગાળામાં આવતો હોવાથી ધાર્મિક મહાત્મ્ય પણ વધારે હોય છે.

ગુજરાતના પર્વતીય પ્રદેશમાં વનવાસીઓની વસતિ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આ આદિવાસીઓ ખુબ જ ઉત્સવપ્રિય પ્રજા છે. તેઓ મન ભરીને મેળા માણે છે. આદિવાસી વિસ્તારોમાં નાના-મોટાં અસંખ્ય મેળા ભરાય છે. આદિવાસી વિસ્તારોમાં જ્યાં મેળો ભરાવવાનો હોય, તે ગામમાં મેળાની પૂર્વસંધ્યાએ ઢોલ વગાડવામાં આવે છે. આ ઢોલ સાંભળીને બીજા ગામના લોકો પણ ઢોલ વગાડે છે આમ ઢોલના સંકેત દ્વારા આવતી કાલે મેળો ભરાવવાનો છે તેવો સંદેશો મોકલવામાં આવે છે.

યુવાનો રંગબેરંગી વસ્ત્રો અને આભૂષણો પહેરી આનંદથી નાચતાં, ગાતા મેળે જવા નીકળે છે અને રસ્તામાં આવતા ગામની ટૂકડીઓ તેમાં જોડાતી જાય છે. મેળામાં સગા-સંબંધીઓ પણ ભેગાં થતાં હોય છે. આમ મેળો એ ભક્તિ, શક્તિ અને સૌંદર્યનો ત્રિવેણી સંગમ છે.

ગુજરાતમાં વર્ષ દરમિયાન નાનામોટા મળીને આશરે ૧૫૨૧ જેટલા મેળા ભરાય છે. આ મેળાઓ મુખ્યત્વે દેવી-દેવતાઓ, સંતો, મહંતો અને પીરના મેળાઓ હોય છે. એટલે કે મોટાભાગના મેળાઓ ધર્મોત્સવ માટે ઉજવાતા મેળાઓ છે. આજે મનોરંજનના અનેક સાધનો હોવા છતાં લોકોના મનમાંથી લોકમેળાઓ અને લોક ઉત્સવોનું આકર્ષણ જરા પણ ઘટ્યું નથી. ગુજરાતના ૧૫૨૧ મેળાઓમાંથી દેશવિદેશમાં ખ્યાતિ પામેલા કેટલાક ખાસ મેળાઓની માહિતી અને છબીઓ દ્વારા લોકજીવનના એ રંગોળી બનાવવાનો પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે.



મેળાઓ:

ચાડીયા મેળો

અગ્નિદેવની બાધા

લાવડી ખેચવનો મેળો

શ્રદ્ધાનો મેળો

ગણદેવનો મેળો

હોળીનો મેળો

દિવાળીનો મેળો

ડાંગ દરબારનો મેળો

ગુણભાંખરીનો ચિત્રવિચિત્રનો મેળો

ભાંખરનો અભિયાવીર વૈતળનો મેળો

પાલોદરનો ચોસઠ જોગણીઓનો મેળો

માધવપુરનો મેળો



કલા વારસો

વાદ્યો

ભારતીય સંગીત અને વાદ્યોનું પગેરૂં છેક વેદકાળ સુધી પહોંચે છે. વાદ્ય એ ગીત-સંગીતનું ઘરેનું ગણાય છે. વાદ્યોના ઉપયોગ વિના સંગીત અધુરું મનાય છે. ગુજરાતનાં લો સંગીતમાં સ્વતંત્ર રીત કોઈ વાદ્યનું સ્થાન હોય તો તે માત્ર પાવો કે વાંસળી છે પણ આજે તેનો ઉપયોગ પૂરક સાથીદાર તરીકે થાય છે. વાદ્યોની બનાવટ, તેનું માપ, તેનું ગણિત, તેનો સ્વર બહાર લાવી મોટા કરવાની પ્રક્રિયામાં સદીઓના અનુભવનો નીચોડ જોવા મળે છે.

આદીવાસીઓ જીવમાં કાળ અને ખાવાને જેટલું મહત્વ આપે છે એટલું જ મહત્વ વાદ્યને પણ આપે છે. કેવળ મનોરંજન માટે જ આ લોકો વાદ્યો નથી વગાડતા, પણ વાદ્ય એ આ લોકો માટે જીવનનું એક અવિભાજ્ય અંગ બની રહ્યુ છે.

વાદ્યો ધાર્મિક-સામાજિક તહેવાતરોના અનુષ્ઠાનો અને વિધિવિધાનો સાથે થતાં નૃત્યો સાથે જોડાયેલાં છે. આદિવાસીઓના સંગીત વાદ્યોમાં ચર્મવાદ્યો, તંતુવાદ્યો અને સુષિર વાદ્યો મુખ્ય છે. ચર્મવાદ્યોઃ ઢોલ બે પ્રકારના હોય છે. નાનો અને મોટો ઢોલ, સામૈયાનો ઢોલ, ઝોરી ઢોલ, ઢુહલાનો તંતુવાદ્યો : તંબુરો, સારંગી, તારપું, થાળી, થાળા

સુષિર વાદ્યોઃ શંખ, શરણાઈ, વાંસળી-પાવો, ઘોડાલિયું, ઝાલર, મંજીરા, ઘૂઘરિયો, ખડતાલ, ખંજરી


ગુજરાતમાં લોકસંસ્કૃતિની પૂર્વેની આદિવાસીઓની ગણાય છે. આ આદિવાસીઓ પાસે પણ મેદાની મહેફિલનાં એમ બે પ્રકારનાં લોકવાદ્યો જોવા મળે છે. આદિસી સુષિરવાદ્યોમાં તાડપું અત્યંત નિરાળું વાદ્ય છે. તેમાંથી નીકળતા સ્વરો રાતના વાતાવરણને ભુર્યું ભુર્યું બનાવી દે છે. આપણાં આદિવાસીઓનાં નૃત્યોના પ્રકારો જે વિશિષ્ટ જાતના રહ્યાં છે તેમ તેમનું લોકસંગીત અને લોકવાદ્યો પણ વિશિષ્ટ પ્રકારનાં રહ્યાં છે. ગુજરાતના લોકસંગીતમાં લોકવાદ્યોના ઉપર વર્ણવેલા ત્રણ પ્રકારો આજે તેનાપ્રાચીન સ્વરૂપમાં જોવા મળે છે, પણ તેના વગાડનારા ધીરે ધીરે ઓછા થતા જાય છે. લોકવારસાને ટકાવી રાખવા ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે. લોકવાદ્યોની તાલીમ માટે તાલીમ કેન્દ્રો અને વાદ્યો બનાવવાના કેન્દ્રો પણ ઉભા કરવામાં આવ્યા છે. આ પ્રકરણમાં ગુજરાતના આદિવાસી દ્વારા જે મુખ્ય વાદ્યોનો બહુધા ઉપયોગ કરવામાં આવે છે. તેનો તાર્દશ્ય ચીતાર રજૂ કરવાનો પ્રયત્ન કરેલો છે.





સાદરા
બ્રિટિશ કાળનો સાદરાનો સ્થાપત્યકીય વારસો

- કનૈયાલાલ નાયક



ગુજરાતનાં પાટનગર ગાંધીનગર તાલુકામાં આવેલ સાદરાની પૂર્વે મોતીપુરા, દક્ષિણે દોલારાણા વાસણા, ઉત્તરે માધવગઢ, પશ્ચિમે અલુવા જેવા ગામડાઓ આવેલા છે. સાબરમતી નદીને પૂર્વ કાંઠે આવેલ સાદરા ગામ ઘણું જ ઐતિહાસિક અને જોવાલાયક છે. સૌપ્રથમ મરાઠાઓના પતન બાદ સાદરા ગામ મહીકાંઠા એજન્સીનાં તાબા હેઠળ આવ્યું અને ત્યાર બાદ એક દાયકા સુધી તે સાબરકાંઠા એજન્સીનું હેડ-ક્વાટર્સ રહ્યું. અહીની જમીન સપાટ અને રેતાળ છે. સાદરાની મુખ્ય વસતિમાં બ્રાહ્મણ, જૈન, રાજપૂત, કોળી, રબારી, ઘાંચી, મોચી, દરજી, હરીજન અને મુસ્લિમ સમુદાયનો સમાવેશ થાય છે અને મુખ્ય વ્યવસાયમાં ખેતી, પશુ-પાલન અને વેપાર છે. સાદરા ગામમાં ભાદરવા માસના બીજા રવિવારે જક્ષણી માતાના મંદિરે મેળો ભરાય છે.

નામકરણ :

સામાન્ય રીતે દરેક ગામ કે શહેરનાં નામકરણ પાછળ કોઈને કોઈ વાર્તા કે દંતકથા સંકળાયેલી હોય છે તેમ સાદરાને લગતી પણ કેટલીક વાતો છે.

'શાહ કા ડેરા' : અમદાવાદની સ્થાપના કરનાર સુલતાન અહમદશાહે સાદરાનો શાહી કિલ્લો ઈ.સ ૧૪૨૬ માં બંધાવ્યો હોવાનો ઉલ્લેખ છે અને આ કિલ્લો બાંધવા પાછળનો હેતુ અમદાવાદથી દિલ્હી કે આગ્રા તરફ જઈ રહેલા શાહી રસલાનો વિશ્રામ કે રોકાણ કરવા સારું આ કિલ્લો ઉપયોગમાં આવેતો તે જ હોઈ શકે. આમ અહેમદશાહ ના ડેરા તંબુ માટે નું આ સ્થળ એટલે ટૂંકમાં 'શાહ-ડેરા' જેનું કાલ ક્રમે અપભ્રંશરૂપ સાદરા થયું હોવાનો ભોગીલાલ શાહના પુસ્તક સાબર કિનારે સાદરામાં ઉલ્લેખ છે.

"સાત ધરા" એટલે સાદરા. કહેવાય છે કે સાબરમતી નદીમાં આ સ્થળે નહાવા માટેનાં સાત ધરા હતા અને સાત માઈલ સુધી વહેતી નદી અહીંથી જોઈ શકાતી હતી. આ ધરા બાદશાહની બેગમોને સ્નાન કરવા કે જલ વિહાર કરવા ખુબ જ પસંદ પડ્યા હતા. કારણ કે અહી સારું એવું એકાંત હતું, વળી સુલતાનને શિકાર કરવા માટે પણ અહી સારુ એવું જંગલ હતું. ઉપરોક્ત બંને હેતુઓની પૂર્તિ માટે નદી કિનારે વિશાળ કિલ્લો તથા અંદરનાં ભાગમાં 'હનુમાન કુવો' અહી બાંધવામાં આવ્યો હશે. વધુમાં સુલતાન અહમદશાહએ અહીં રાત્રિ નિવાસ માટેના મકાનો બંધાવવામાં આવ્યા હશે તેમ લાગે છે. આ ઉપરથી પ્રારંભમાં આ ગામને 'સાતધરા' અથવા 'શાહધરા' નામે ઓળખાતું હશે અને જે પાછળથી અપભ્રંશ થઈ 'સાદરા' નામે પ્રચલિત થયું હોય.

"શાહ-દરા" આ શબ્દનો અર્થ એક અર્થ શાહ એટલે વાણીયા અને દરા એટલે નિવાસ એવો પણ થાય છે. સાદરામાં પહેલાથી જ વાણીયાઓની વસ્તી સૌથી વધારે હતી. તેથી જ કેટલાક વિદ્વાનોનું એમ પણ માનવું છે કે "જ્ઞાતિના વસવાટની સંખ્યા ઉપરથી જેમ અનેક ગામોના નામ પડ્યા છે જેમ કે બ્રાહ્મણવાડા, વાણીયા વેરા, ભાટવેડા એમ શાહદરા ઉપરથી સાદરા નામ પડ્યું તેવી સંભાવના રહેલી છે.

"શાહ-દરા" ના અનુમાન ઉપરથી એક શક્યતા એ પણ બહાર આવે છે કે ગુજરાતમાં મોગલ સુબાઓના કાળમાં "શાહધરા" એટલે શાહી કુટુંબના 'સ્નાના વિહાર' ધામ તરીકે સાદરા જાણીતું હશે. સાદરા ગામની આજુ-બાજુનો પ્રદેશ પરની ઉંચી ભેખડો ઉપર પહેલેથી જ લોકોનો વસવાટ થયેલો હોવાથી સાબરમતી નદીમાં વહ્યાં કરતો જળપ્રવાહથી વસતિનો વસવાટ ઊંચાઈએ હતો. સંભવ છે કે ત્યાં સારા પ્રમાણમાં જળસંચય થઈ પાણીનો મોટી ધરો થઈ રહેતો હશે અને ઉનાળાના દિવસોમાં અમદાવાદના સુલતાનની બેગમો ત્યાં આવતી અને આ જલધરામાં વિહાર કરતી તે ઉપરથી જ શરુઆતમાં શાહધરા નામે ઓળખાય છે જે પાછળથી અપભ્રંશ થઈ 'સાદરા' નામે ઓળખાયું હોય. આમ, સાદરા ગામનું નામ પાડવા પાછળના અનુમાનો અને અટકળો જાણવા મળે છે પણ પ્રાપ્ત અવશેષોના અંતે ગામનું નામ 'શાહ કા ડેરા' માંથી અપભ્રંશ થઈ કાળક્રમે 'સાદરા' પડ્યું હશે.

સાદરાનો સ્થાપત્યકીય વારસો

ડી.એસ.પી.નો બંગલો સાબરમતી નદીને કાંઠે આવેલ સાદરા ગામ અનેક પ્રાચીન અને અર્વાચીન સ્મારકો સાચવીને બેઠું છે તેમાં પણ ગામમાં જતાં જ તેની ઐતિહાસિકતાની સાબિતી મળી જાય છે અને એવી જ એક ઈમારત છે અહી આવેલો ડી.એસ.પી. બંગલો. આ પ્રાચીન ઈમારત ઈ.સ.૧૮૫૭નાં વર્ષમાં બંધાઈ હતી આ એ જ વર્ષ છે કે જ્યારે રાષ્ટ્રમાં વિપ્લવનો માહોલ હતો જેની તકતી પણ ઈમારતના આગળનાં ભાગમાં જોઈ શકાય છે. બાદમાં અહિં વર્ષ ૧૯૭૮માં તત્કાલિન વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈનાં વરદ્ધ હસ્તે ગૂજરાત વિધાપીઠ દ્વારા મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિધાલયનો પ્રારંભ કરવામાં આવ્યો.

વિક્ટોરિયા કલોક ટાવર

સાદરા ગામની ઓળખ સમો આ ટાવર આજે પણ બ્રિટીશ કાળની યાદી અપાવતા અડીખમ ઊભો છે. વર્ષ ૧૮૫૮માં જ્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી બ્રિટીશ સરકારે હિંદનો વહીવટ સંભાળ્યો તેની યાદમાં સાદરા ખાતેના થાણાએ અહી ટાવર બાંધ્યો હતો જેને રાણી વિક્ટોરિયાની યાદમાં "વિક્ટોરિયા કલોક ટાવર" નામ રાખવામાં આવ્યું. આ ટાવરના બાંધકામ અર્થે મહીકાંઠા એજન્સીનાં રજવાડાઓનો આર્થિક સહકાર પ્રાપ્ત કરવામાં આવ્યો હતો. ટાવરમાં સ્થાપના વિષે અંગ્રેજી ભાષામાં તકતી લગાવેલી છે તેમજ મહારાણી વિક્ટોરિયાની આરસની પ્રતિમા મૂકવામાં આવેલ છે.

વિક્ટોરિયા મેમોરિયલ ગ્રંથાલય

વર્ષ ૧૯૦૨માં સ્થાપના કરવામાં આવેલ આ ગ્રંથાલય તે સમયના સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે અને તેના પર યુરોપીય સ્થાપત્યની સ્પષ્ટ અસર જોઈ શકાય છે. સાદરાની સ્કોટ કોલેજમાં ભણવા આવનાર રાજકુમારો અને સ્થાનિક લોકો, અધિકારીઓ આ ગ્રંથાલયનો સારો એવો લાભ લેતા. વર્તમાન સમયમાં પણ આ ગ્રંથાલયમાં અનેક અમૂલ્ય પુસ્તકો સંગ્રહ કરેલા જોવા મળે છે. થોડાક સમય અગાઉ જ આ ગ્રંથાલયનાં મૂળ સ્થાપત્યને અનુરૂપ સમારકામ કરવામાં આવ્યું છે.

મરાઠા અને મોગલકાલીન સાદરા અંગેની વિગત આગામી અંકમાં ચર્ચા કરીશું.



વડ - સંસ્કૃતિ અને પર્યાવરણનો અદભૂત સમન્વય.

- નાગેન્દ્ર પુરોહિત

અદભૂત નકશીકામ માટે પ્રખ્યાત અને અમદાવાદનાં હેરિટેજનાં હાર્દ સમાન સિદી સૈયદની જાળી ઘણા લોકોએ આવતા જતા જોઈ હશે. એમાંથી ઘણાએ કદાચ નજીક જઈને બારીકાઈથી પણ જોઈ હશે. પરંતુ તેમાં સમાજને માટે પથ્થર પર કંડારાયેલ પર્યાવરણને લગતો સંદેશ ભાગ્યે જ કોઈએ સમજ્યો હશે. વડ એક એવુ વૃક્ષ છે જેને મનુષ્ય ઉગાડવાનો પ્રયત્ન કરે તો તેના અતિ સૂક્ષ્મ બીજનાં લીધે ના સફળ થાય પણ ઈથોપિયાથી આવેલ સિદી સૈયદે પથ્થર પર કરેલી સુંદર કારીગરીમાં ખજૂરીના વૃક્ષના ખાંચામાં વડને ઉગેલો દર્શાવ્યો છે. સમાજને પથ્થર પર પર્યાવરણનું કઈ રીતે સંરક્ષણ કરવું તેનો વિશ્વમાં આ કદાચ પ્રથમ સંદેશ હશે.

અમદાવાદ તેમજ તેની આસપાસનાં વિસ્તારમાં વડનાં વૃક્ષ પ્રયત્નથી ઉગતા નહોતા. તે સમયના લોકોએ ખજૂરીનાં વૃક્ષ ના ખાંચા માં વડ ના નાના રોપા ઓ ગોઠવ્યા. જેથી વડ ના વૃક્ષ ને જરૂરી ભેજ અને પોષક તત્વો મળી રહે અને વિપરીત સંજોગો માં પણ ઉગી નીકળે. આજે ગુજરાત માં અનેક સ્થળે વડલા અડીખમ ઉભેલા જોવા મળે છે.આજથી ૪૦૦ વર્ષ પહેલા પણ લોકો એ પર્યાવરણ ને કલા અને સંસ્કૃતિ સાથે કેવું સાંકળી લીધું હતું તેનો અદભૂત સમન્વય આપણે વિશ્વ ના ઉત્કૃષ્ટ મોન્યુમેન્ટ સિદી સૈયદ ની જાળી માં આજે પણ જોઈ શકીયે. વડોદરા શહેરનું નામ વડવૃક્ષ પરથી પડેલ છે. કંબોડિયાના અંગકોર વાટ મંદિરોના સંકુલમાં આવેલ "તા પ્રોહ્મ" મ્રૂૈં રિદ્ધઋ, તેની દીવાલો ફરતે ઉગેલા ઘેઘૂર વટવૃક્ષોને કારણે જાણીતું છે. હવાઈ દેશનાં "હિલો" પરગણામાં ઘણાજ વડનાં વૃક્ષો જોવા મળે છે. તેમના કેટલાક પ્રખ્યાત મહાનુભાવો દ્વારા વવાયેલ છે.આ વૃક્ષો દ્વારા આખો "વડમાર્ગ" મ્હૂહઅફૂહ ફ્રૌદ્દી બનેલ છે. અમેરિકામાં થોમસ આલ્વા એડિસને પ્રથમ વડવૃક્ષ, "ફોર્ટ માયર્સ", ફ્લોરિડામાં વાવેલ. આ વૃક્ષ તેમને "હાર્વે ફાયરસ્ટોન" મારફત મળેલ, ફાયરસ્ટોન ૧૯૨૫માં ભારતથી આ વૃક્ષની ૪ ફૂટ ઊંચાઈની કલમ લાવેલા જે અત્યારે કુલ ૪૦૦ ફૂટના ઘેરાવામાં પથરાયેલ છે.

વડ એક અંજીર વર્ગનું વૃક્ષ છે, જેના બીજ ખડકોની ફાટમાં, યજમાન વૃક્ષના થડ પર કે મકાનો અને પુલોની ફાટોમાં પણ વૃદ્ધિ પામે છે. વડનાં બીજ મોટાભાગેતો ફળ ખાનાર પક્ષીઓ દ્વારા ફેલાય છે. આ વૃક્ષ ઘેઘૂર, ઘટાદાર હોય છે જેને કારણે ગામનાં પાદર, ચોક, કુવાકાંઠે, વગેરે જગ્યાઓ પર ખાસ વવાય છે. મોટા વડની ડાળીઓ પરથી નવાં મૂળ ફુટે છે જે "વડવાઈ" કહેવાય છે. આ વડવાઈઓ અમુક સમયમાં વધતી વધતી જમીનમાં રોપાઈ જાય છે. ક્યારેકતો આને કારણે આ વૃક્ષને અનેક થડ હોય તેવું લાગે છે અને મૂળ થડ કયું તે ખબર પડતી નથી. ગુજરાતમાં કબીરવડ આવું એક વિશાળ વટવૃક્ષ છે જે અંદાજે ૩૦૦વર્ષથી વધુ જૂનું છે. વડનાં વૃક્ષ પર નાનાં નાનાં લાલ રંગના ફળ આવે છે. આ ફળને "ટેટા" કહેવાય છે. વડને ભારતનાં રાષ્ટ્રીય વૃક્ષ તરીકેનું બહુમાન આપવામાં આવેલ છે. જે તેની વિકટ પરિસ્થિતિઓમાં પણ ફાલવા-ફુલવાની ક્ષમતા, અને પોતે ધોમ ધખતા તાપને સહન કરીને પણ ઘટા નીચે આશરો લેનારને છાંયડો આપવાનો ગુણને ધ્યાનમાં રાખીને અપાયેલ છે. બૌદ્ધ ધર્મમાં પાલી (પાલી વડ, નિગરોધ) નો ઉલ્લેખ ઘણી વખત થયો છે. વડ જેમ પોતાની ડાળી આદિ વિસ્તરીને અન્ય વૃક્ષ જમીન આદિને પોતાનામાં આવરી લેછે તેમ કામ પણ માણસોને ગળી જાય છે. વડનાં સ્વાભાવિક ગુણોનો દાખલો આપીને આ વાતને ખૂબ સારી રીતે સમજાવી છે.

ફિલિપાઈન પૌરાણિક કથાઓમાં વડને ઘણી જાતિના ભૂત પિશાચ દાનવ જેવા પ્રાણીઓનું ઘર મનાય છે જેમકે, વિસાયન (ચોકસાઈથી, દિલ્લે ઈંગોન નટો, અર્થાત, અમારા જેવી વસ્તુ નથી તે), માલિગ્નો(માંનત્રિક પ્રાણી) તેની સાથે જોડાયેલ કપર (કદાવર પાત્ર), દ્વેન્ડે (બટુક પાત્ર) અને ખાસ ઉલ્લેખનીય ટિકબાલંગ (એક પાત્ર જેનું ઉપરનું શરીર ઘોડાનું છે અને નીચેનું માનવનું). ગૌમ ચમોરો લોકો તાઓતાઓમોનાની વાર્તામાં માને છે અને તેમાં વડ ડ્યુન્ડિઝ અને અન્ય પિશાચોનું ઘર છે. તાઓતાઓમોના એ પ્રાચીન ચામોરો લોકોની આત્મા છે જેઓ વડની રાખવાળી કરે.





વાગડનાં વીર વરણેશ્વર પરમાર

- મહાદેવ બારડ
ચિત્રકાર : નાનજી રાઠોડ અંજાર



"વાગડ દેશ રળીયામણો, ત્યાં અણનણ પાળીયા...
આજ જયાં વીરોએ માથા આપીયા, ગોવંશ ને કાજ"

પરમાર કુળના મુંજાજી પરમાર ઉજ્જૈનમાં રાજય કરતા હતા. દિવસ-રાત રૈયતનું હિત ઈચ્છતા એવા પ્રજાવત્સલ અને પરાક્રમી પરમાર મુંજાજીના પરિવારમાં પહેલી ધર્મપત્નીની કૂખે પુત્ર પુંજાજી તથા બીજા ધર્મપત્ની નાથકુંવર બા ની કૂખેથી વર્ણાંચાતજી, વરણેશ્વર તથા દિકરી લીલાબા હતા. આમ, બંધુ બેલડી પોતાના રાજકાજમાં આનંદથી દિવસો પસાર કરતાં હતા. મોટાભાઈ પુંજાજીના લગ્ન જાંબુવતી બા થી થાય છે. રાજ દરબાર અને નગરમાં ધુમધામથી લગ્નવિધી પતાવી પોતાના સુખ સંસાર દુધમાં સાકર ભળે તેમ જાંબુવતી બા સાસરા પક્ષમાં ભળી જાય છે.

પરમાર વંશના કુળદેવતા વરણેશ્વર પરમાર નાનપણથી જ ભક્તિભાવપૂર્ણ જીવન વિતાવતા હતા. દરરોજ સવારે વહેલા ઉઠી સ્નાનાદી ક્રીયા પતાવી સુર્ય ભગવાનને પ્રણામ કરી એક જ વચન માંગતા કે "હે ઊગતા ભાણ, મારા આરાધ્ય દેવ, હું તારી પાસે શુ માંગુ...?..હે દેવ મારુ મોત ગૌમાતાની રક્ષામાં થાય એવુ વચન માંગુ છું એવી પ્રાર્થના કરુ છુ, તો હે મારા આરાધ્ય તું મારી પ્રાર્થના જરુર સાંભળજે". સમયાંતરે એક દિવસ સ્નાન ક્રીયા પતાવી જયારે વરણેશ્વર પરમાર સુર્યને અર્થ ભરી પ્રાર્થના કરતાં હોય છે ત્યારે જ માતૃતુલ્ય ભાભી શ્રી જાંબુવતી ટીખણ કરે છે કે "હે મારા વાલા દેવરાયજી માંગવાથી મોત મળતાં નથી જો ખરેખર ગાયોની વારે મોત જોતુ હોય તો અહીંથી પશ્ર્ચિમ દિશામાં જાઓ જયાં દરરોજ મલેચ્છો ગાયોનાં હરણ કરે છે".

વ્હાલા માતૃતુલ્ય ભાભીનાં આવા વેણ સાંભળી વરણેશ્વર પરમાર ને રીસ ચડે છે અને ભાભીને કહે છે કે

"મેણાના માર ભાભલ માવડી, મેણા માથાનો ઘા...
આજે જ રણે સિધાવશું, ઈ તો ગાયુની વારે વેણવા"

ત્યારે માતૃતુલ્ય ભાભીશ્રીનાં મુખમાંથી શબ્દો સરી પડે છે અને સ્ત્રી સ્વભાવથી બોલી ઉઠે છે

"સિધાવો રણ સંગ્રામમાં, ગાયોની રક્ષા કાજ...
સાથે મોતીડે વધાવશું, જેદી ગાયુ વારશે વેણુઓ"

મેણા ઉપર મેણાનાં ઘા થી વરણેશ્વરનું હ્દય ચિત્કાર કરી ઉઠે છે અને ત્યારે જ પોતે ઘોડારમાં જઈ પોતાના ઘોડા ઉપર અસવાર થઈ પશ્રિમ દિશા તરફ પ્રયાણ કરે છે.

"ઘોરે ઘોડે પલાણ નાખીયા, વરણેશ્વર થયા અસવાર...
શિહોરી તલવાર દીધી હાથમાં, હાલ્યા ગૌ રક્ષા કાજ"

વરણેશ્વર પરમારએ જયારે ધોરે ઘોડે અસવારી કરી પશ્ચિમ દિશા બાજુ પ્રયાણ કરે છે ત્યારે મોટાભાઈ વર્ણાંચાતજી અને નીલાંબા રાજ મહેલમાં પ્રવેશ કરે છે. વરણેશ્વર વિરને રાજ મહેલમાં કયાંયના જોતા બેન નિલાંબા ભાભી જાંબુવતી ને પુછે છે,

"હે ભાભી ભાઈ વરણેશ્વરજી કયાંય દેખાતા કેમ નથી ? " ત્યારે ભાભીશ્રી જાંબુવતી કહે છે કે "મારાથી એક મોટી ભુલ થઈ ગઈ છે, દરરોજ સુર્યનારાયણને અર્થભરી પ્રાર્થના કરતાં વરણેશ્વરજી ને જોતા આજ મારા મોઢામાંથી કવેણ નિકળી ગયા અને વરણેશ્વરજી રીસ કરી અહીંથી પશ્ર્ચિમ દિશા તરફ ગાયુંની વહારે ગયા છે, આ સાંભળતા જ નિલાંબા ક્રોધથી ભાભીને કહે છે

"ફટરે ભુંડી ભાભલડી, તેતો ભલા નિભાવ્યા હેત...
કવેણનાં વેણ કાંઢીયાં, હવે કયાંથી ભાળશુ વિર વેણુઓ"

ભાભીશ્રી આવાં વેણ સાંભળી ધ્રુસકે ધ્રુસકે રળી પડે છે, ભાભીને રાજ મહેલમાં રડતાં મુકીને વર્ણાંચાતજી અને નિલાંબા વરણેશ્વરની પાછળ જે મળે તેને વરણેશ્વરનાં સમાચાર પુછતા જાય છે.

"પંચરંગી સાફો પહેરીઓ, વળી ઘોરે ઘોડે અસવાર...
શિહોરી તલવારથી શોભતાં, તમે કયાંય ભાળ્યો મારો વિર વેણુઓ"

પોતાના નગરમાંથી નિકળી વરણેશ્વર પરમાર પશ્ચિમ દિશામાં ટીકર ગામે આવી પોતાના પ્રાણ પ્રિય ઘોડાને તળાવની પાળે બાંધીને બે ઘડી વિશ્રામ કરે છે, ત્યાંજ ધુબાંગ ધુબાંગ કરતાં ઢોલનો અવાજ વરણેશ્વરને સંભળાય છે અને એક પણ ઘડીનો વિલંબ ન કરતાં વરણેશ્વર પોતાના ઘોડા પર અસવાર થઈ ગામમાં પ્રવેશે છે અને ઢોલીને પુછે છે "હે ભાઈ ઢોલી, તું આ બુંગીઓ શા માટે વગાડે છે? શું ગામ માં કોઈ આફત આવી છે, જે હોય તે મને જણાવ હું પરમાર વંશી વરણેશ્વર છું" ત્યાં જ ચારણ દેવી આઈ શકિત દેવલબાઈ વરણેશ્વરના રંગરૂપ અને પહેરવેશ પરથી કોઈ રાજબીજ છે એમ જાણી લે છે અને વરણેશ્વર વિરનાં ઓવારણા લ્યે છે.

દેવલબાઈ વીરને સવાલ કરે છે કે

"કયા રે દેશનાં રાજવી, અને શું છે તમારા નામ....

શાને કાજે સીધાવીયા? એવા શું પડયા તમારે કામ"

ત્યારે વરણેશ્વર જવાબ આપે છે કે

"ઉજ્જૈન નગરીનો હું રાજીયો, વરણેશ્વર મારા નામ...

ગાયોની વ્હારે આવિયો, બોલો બેની શું પડયા અમારા કામ"

ત્યારે દેવલબાઈને આંસુડાની ધારુ થવા લાગી, રોઈ રોઈને બહેન દેવલબાઈનો

કાંછુડો ભીંજાઈ ગયો અને રોતા દેવલબાઈ બોલ્યાં કે

"રોઈ રોઈ ભીંજાણો દેવલબાઈ નો કાંછુડો, જાય નયને અખંડ ધાર

ગાયુ હરાણી છે ચારણો ની, કે તમે વારે ચડોને વિર વેણુઆ"

ત્યારે વરણેશ્વરજી દેવલબાઈ ને કહે છે..

"રુઓ નહી દેવલબાઈ બેનડી, મનમાં રાખજો ધીર...

ગાયુ વારી અમે આવશું, એમ બોલ્યા વરણેશ્વર વીર"

"હાકલ પડી હિંદુઆ, કામધેનુ ને કાજ...

લાખેણી રાખવા લાજ, પરમાર ઘોડે પલાણીયા"

આમ કહી વરણેશ્વર ઘોરે ઘોડે અસવાર થઈ મલેચ્છાઓનો પીછો કરતા ટિકર ગામથી આગળ આવ્યા ત્યારે એકલા અસવારને આવતો જોઈ મલેચ્છાઓ મનમાં મલકયાં અને વરણેશ્વરજીને કહ્યું કે "પાછો વળી જા હજી તારી ઉમર લડવાની નથી, અમારા આવડા જણાની સામે તારુ કામ નથી, શા માટે મોતને વ્હાલું કરે છે" આવા શબ્દો સાંભળી વરણેશ્વર જી બોલ્યા કે

"આવ્યો અવસર મહામુલો, એળે ન જવા દેવાય...

એક ઘા અને ચાર મસ્તક ના પડે, તો ઈ વરણેશ્વરજી ન કહેવાય"

આમ કહી સામ સામી તલવાર ટકરાણી, વરણેશ્વરજી સામે મલેચ્છાઓનુ કંઈ ન ચાલ્યુ, ત્યારે સામેથી મલેચ્છાઓ એ હાર સ્વીકારી માફી માંગી જીવતા છોડી મુકવા પ્રાર્થના કરી, મલેચ્છાઓ ઉપર પણ દયા કરી વરણેશ્વર જી ગાયુને વારીને ચારણ આઈના નેહડે આવે છે. આ તરફ દેવલબાઈને જ્યારે વરણેશ્વરજી ગાયુ વારી આવ્યાના સમાચાર મળે છે ત્યારે તેઓ હરખનાં મારયા વિરનાં સામૈયાની તૈયારી કરે છે અને હરખભેર વરણેશ્વરજીને સાચે મોતિએથી વધાવી સામૈયુ કરે છે અને આ રીતે દેવલબાઈ વરણેશ્વરજીને વધાવી ઓવારણા લે છે. આ જ સમયે બેન નિલાંબા અને ભાઈ વર્ણયાતજી આવીને વરણેશ્વરજીના સમાચાર લે છે. ત્યારે ગામનાં લોકો કહે છે જેમની તમે તપાસ કરો છો એ જ વિરના અત્યારે અમારા ગામની ગાયુ વારી આવેલા વીરનાં સામૈયા થાય છે ત્યારે બેન નિલાંબા અને વર્ણયાતજી વરણેશ્વરજીને મળે છે અને હરખ ઉત્પન્ન કરે છે. દેવલબાઈ વરણેશ્વરજી ને કહે છે કે ભાઈ હવે આરામ કરો અને હું જમવાની તૈયારી કરાવું છુ.

ત્યારે વરણેશ્વરજી કહે બેન આજે તો અગિયારસનો ઉપવાસ છે એટલે પહેલા તમે તમારી ગાયુ ગણી લ્યો એમાં તમારી કોઈ ગાય રહી નથી ગઈ ને, ત્યારે દેવલબાઈ કહે વીરા બધીય આવી ગઈ પણ મારી એક ગાય નથી આવી, જેની હું દરરોજ પુજા કરતી અને એના દુધના દિવા કરતી એવી મારી કવલી ગાય નથી આવી.આવા કરુણ વચનો સાંભળીને વરણેશ્વરજી અને વર્ણયાતજી બંને વિરએ દેવલબાઈને કહે છે કે બહેન મનમાં હિંમત રાખજો અમે બન્ને ભાઈઓ જઈને હમણા જ તમારી કવલી ગાયને પાછી વાળી આવીએ છીએ, આ પરમાર વંશી વરણેશ્વરજી અને વર્ણયાતજીનાં વચન છે ને બહેન.વચન આપી બંન્ને ભાઈ પોતાના ઘોડા પર અસવાર થઈ કચ્છનાં નાના રણમાં આવ્યા, ત્યારે દુરથી કુંડાળે બેઠેલા મલેચ્છાઓ જોઈને બંન્ને વિરો પડકાર કરે છે., "નરાધમો, તમે અમારી સાથે કપટ રમીને ? અમારી કવલી ગાય અમને પાછી આપો. આ વિરોનો પડકાર સાંભળીને મલેચ્છાઓની છાતીનાં પાટીયા બેસી જાય છે અને કહે છે

"હે...શુરવિરો અમે તમારી ઈ કવલી કેમ કરી ને આપીએ

કેમકે જે કવલી ની તમે વાત કરો છો એ ગાય અમે વધેરી નાખી છે. "

આ શબ્દ સાંભળતાં જ વરણેશ્વરજી અને વર્ણયાતજીની આંખ ક્રોધથી લાલ થઈ જાય છે અને વરણેશ્વરજી વિચાર કરે છે કે દેવલબાઈને વચન આપ્યુ છે કે તમારી કવલી લઈ ને જ આવીશુ પણ અહીંયા તો આ નરાધમોએ કવલીને તો વધારી નાખી છે.

"ધુંધારે ધેરુ ધબે કંપે, શુરાની કાય...

ખરો જંગ ખેલાય, વારે ચડ્યો વિર વેણુઓ"

પોતાના હાથમાં રાખેલી તલવારથી વરણેશ્વરજીએ પોતાનુ મસ્તક ઉતારી દેવીશર તળાવની પાળે મુકે છે, માથુ ઉતારવાની સાથે જ છાતીમાં આખ્યુ ફુટે છે, હાકલા પડકારના અવાજ મસ્તકમાંથી નિકળવા લાગ્યા અને ધડ મલેચ્છાઓના મસ્તક વધેરતું આગળ વધ્યું, માથા ઉતારી ધડ લડે ધન્ય ધન્ય વરણેશ્વર પરમાર, ત્રણ ત્રણ ગાઉની વાર એક જ કવલી ગાયને કારણે ઘમસાણ યુદ્ધ જામ્યું

"અડપડે ઝીકમાંથી અચુક, કટ્ટ જાત શીશ ઘટ ટુક ટુક...

ફટ્ટજાત કૈંક ફેફરાં ફાર, દટ્ટ જાત કેક કાયર સંહાર,

કુદંત શીષ પડતે કબંધ, ઘટ ઘટત ખેત મચવાસ ધંધ...

રણંકે પ્રનાળ ભભકંત રક્ત, જોગણી પત્ર ભરીયંત જત,

નાચંત વિર વેતાળ કેક, ઉછરંગ અંગ વરતે અનેક...

ભલજુધ્ધ હોત દેખંત ભાન, વ્યોમે સહાય અપસરા વેમાન,

આછટે તીર ગોળી અપાર, કરમરા ઝીક બરછી કટાર...

પડિયાજ લોથ ઘણવાર પાર, મરતાંસ કહત મુખ મારમાર,

ધ્રપિયા પંખ પળચરાં ધ્રાય, આશિષ દેત કેકે ઉમાય...

હરખંત તત્વ નારદ હોય, જય ધન્ય શૂરા સજોય

માંથા વગરનાં ધડને લડતું જોઈ મલેચ્છાઓ ભાગે છે અને ધિંગાણામાં વિર વરણેશ્વર કામ આવી જાય છે, ધડ લડતું મેડકમાં જાય છે મેડક સુધી પહોંચ્યા પછી મલેચ્છાઓ એ ગરીનો દોરો આગળ રાખી દીધો અને વરણેશ્વર પરમારનું ધડ રોકાઈ ગયું. બહેન નિલાંબા ઘણો સમય થયાં છતાંય પોતાના બન્ને ભાઈઓ આવ્યા નથી તેથી ચિંતાતુર વંદને બહેન દેવલબાઈ ને કે હે..દેવલબાઈ હજી મારા ભાઈઓ આવ્યા કેમ નથી ??? ત્યારે દેવલબાઈ કહે છે..કે બહેનાં તારા બંને વિર ભાઈઓ ગૌમાતાનાં રક્ષાણ કરતાં જ કામ આવી ગ્યા છે આવા સમાચાર સાંભળતા બહેન રુદન કરે છે ત્યારે દેવલબાઈ અને નિલાંબા જ્યાં વરણેશ્વરનું મસ્તક હતું અને જ્યાં વર્ણયાતજી કામ આવ્યા હતા ત્યાં આવ્યા, ભાઈનાં મસ્તકને જોઈને બહેન નિલાંબા જે રણમાં ભાઈઓને માટે પાણી પીવરાવવા માટે મટુકી લઈ જાય છે તો મટુકી પડી જાય છે અને ઢોળાઈ જાય છે ત્યાં રણમાં આજ પણ મીઠૂં પાણી નિકળે છે.

બહેન ભાઈઓને કામ આવેલા જોઈ રુદન કરે છે. ત્યારે દેવલબાઈ કહે છે હે નિલાંબા કહે તો કરુ તારા ભાઈઓને સજીવન અને કહેતો ત્રણે લોકમાં જુગ કરુ અમર નામ, ત્યારે નિલાંબા કહે છે કે હે આઈ શકિત દેવલબાઈ મૃત્યુ તો આવવાનું જ છે અને એક દિવસ આવશે પણ આવા મોત નહી મળે તો હે આઈ શકિત તમે મારા ભાઈઓનાં નામ જુગ જુગ અમર કરો. વાગડ કેરી ભોમમાં વરણેશ્વર પરમાર પ્રગટ પરચા પુરતાં જેના નામ અમર કીધાં. આ પ્રમાણે વરણેશ્વર પરમાર અને વિર વર્ણથાતજીનાં નામને અમરનો આદેશ અપાવી બહેન નિલાંબાને સત ચડે છે અને પોતાના વ્હાલસોયા ભાઈઓ પાછળ સતી થાય છે. આ ત્રણે ભાઈ બહેન ત્યારનાં દેવીસર અને હાલનાં ગુજરાતનાં કચ્છ જીલ્લાનાં રાપર તાલુકાનાં વરણું ગામે પુંજાય છે અને દેવ વરણેશ્વર પરમારનું ધડ કચ્છનાં નાના રણ મેડકમાં પુંજાય છે જે વરણુથી વીસ કિ.મીના અંતરે છે.



લાલ ચોખાની ખીર

હેરીટેજ ફુડ

- જીજ્ઞા સુતરીયા

સામગ્રી : ૨૫૦ ગ્રામ લાલ ચોખા, ૧ લીટર દૂધ, ૨૦૦ ગ્રામ ખાંડ, બદામના થોડા ટુકડા

બનાવવામાં લાગતો સમય : ૨૦ મિનિટ

બનાવની રીત :



- સૌ પ્રથમ લાલ ચોખાને ધોઈને સહેજ હુફાળા પાણીમાં ૪ થી ૫ કલાક પલાળી રાખો
- ત્યારબાદ પ્રેશરકુકરમાં ૪ થી ૫ સીટી કરી બાફી લો
- હવે આ બાફેલા ચોખાને એક મોટા બાઉલમાં લઇ ગેસ ઉપર મુકો અને તેમાં દૂધ ઉમેરો
- આ મિશ્રણને સતત હલાવતા રહો
- થોડીવાર બાદ ખાંડ નાંખી હલાવો.
- દૂધ અને ચોખા બરાબર મિક્સ થઇ ને ઘટ્ટ થવા દેવું લાગે ત્યારે ગેસ પરથી ઉતારી લો.
- હવે તેને બીજા બાઉલમાં લઇ બદામના પીસ નાખી સજાવી દો.



દૂધમાં સાકર એટલે ગુજરાતમાં પારસી

ભારતમાં આવેલા અનેક વિદેશી વેપારીઓમાં પારસી પ્રજા જ એવી છે કે જેને પ્રારંભમાં આપેલા વચન પ્રમાણે દૂધમાં સાકરની જેમ ભળીને રહી. ઈ.સ સાતમી સદી દરમ્યાન ઈરાનમાં આરબોનાં અત્યાચાર સામે પર્શિયન સામ્રાજયની પડતી થતી ગઈ અને મોટા ભાગના પર્શિયન લોકો સ્થળાંતર કરવા લાગ્યા. ખોરાસન, હોર્મુઝ અને ત્યાંથી સાત ટૂકડીઓમાં વહેચાઈ ગયા જેમાં એક ટૂકડી ઈ.સ. ૭૮૫ આસપાસ સંજાણ બંદરે આવી. પર્શીયાનોના વડા નર્યોસંગ ધવલ સંજાણનાં રાજા જાદીરાણા પાસે પરવાનગી માંગી. ત્યારે રાજા અને ધર્મગુરુ વચ્ચે વાર્તાલાપ થયો જેમાનો દૂધમાં સાકર વાળો કિસ્સો આપણે સૌ જાણીએ છીએ અને પ્રસન્ન થઈ સંજાણનાં રાજા જાદીરાણાએ પારસીઓને વસવાટ માટે પરવાનગી આપી. મૂળ સંજાણથી વસવાટનો પ્રારંભ કરનારા પારસીઓ વર્તમાન સમયમાં ભારતનાં ખૂણે ખૂણે વસવાટ કરી રહ્યા છે અને ભારતમાં વિકાસમાં પોતાનો અમૂલ્ય ફાળો નોંધાવી રહ્યા છે.

ગુજરાતમાં પારસી સમુદાયનાં મુખ્ય સ્થળો મોટા ભાગે દક્ષિણ ગુજરાતમાં આવેલા છે જેમાં મુખ્ય સ્થળોની યાદી નીચે મુજબ છે :

૧. સંજાણ : સંજાણ એક ઐતિહાસિક સ્થળ છે જ્યાં પારસીઓ સૌપ્રથમ ગુજરાતમાં આવ્યા હતા. અહીની પારસી અગિયારી પારસીઓ માટેનું મહત્વનું યાત્રાધામ મનાય છે. પારસીઓ અહી ઉતર્યા તથા જાદીરાણાએ તેમને સત્કાર્યા તે વિશેનો શિલાલેખ પારસી અગિયારીનાં ચોગાનમાં ઊંચા પ્લેટફોર્મ પર ઊભા કરાયેલા કિર્તીસ્તંભમાં જડેલો છે. અહી અગિયારી ઉપરાંત કીર્તિ સ્તંભ, ધર્મશાળાઓ અને પારસીઓનાં મકાનો જોવા મળે છે.

૨. ઉદવાડા : અહી પારસીઓની વસતી ઘણી વધારે છે અને વર્ષ ૧૭૪૨માં નવસારીથી પારસીઓનો પવિત્ર આતશ બહેરામ અહી લાવવામાં આવ્યો હતો અને ત્યારથી આ સ્થળ પારસીઓનું પવિત્ર યાત્રાધામ બની ગયું છે. પતેતીનાં દિવસે તો દૂર દૂરથી પારસીઓ આ સ્થળની મુલાકાત લે છે. ભારતમાં કુલ આઠ આતશ બહેરામ છે જેમાં ઉદવાડામાં ૧(એક), સુરતમાં ૨(બે), નવસારીમાં ૧(એક) અને મુંબઈમાં ૪ (ચાર). ઉદવાડામાં પારસી અગિયારી, આતશ બહેરામ, ધર્મશાળાઓ, પારસીઓના મકાનો ઉપરાંત પારસી સંગ્રહાલય પણ આવેલું છે. સમુદાયએ વસવાટ કરેલો છે અને તેમના મકાનો અને અગિયારી જોવા મળે છે.

૩. નવસારી : એક સમય નવસારી પારસીપુરી તરીકે પણ જાણીતું હતું. પારસીઓએ સૌપ્રથમ હાલના નવસારીમાં પગ મૂક્યો ત્યારે અહીની આબોહવા ઈરાનનાં માઝન દરાહ રાજ્યની રાજધાની 'સારી' જેવી લાગતા તેમણે નવસારીનું 'નઓ-સારી' (નવું સારી) એવું અર્થઘટન કર્યું. નવસારીમાં પારસીઓ 'આતશબહેરામ' ની જ્યોત સલામત રહેશે તેવો ખ્યાલ રાખી કોટ.નાં વિસ્તારને અડીને વસ્યા જેને પરિણામે મોટો પારસીવાડ કોટ મહોલ્લાની બાજુમાં છે.પારસી વસતિની મધ્યમાં 'આતશબહેરામ' ની સ્થાપના થઈ હતી. શહેરમાં પારસીઓની પવિત્ર 'આતશબહેરામ' ની ભવ્ય ઈમારત ઉપરાંત પાંચ અગિયારીનો સમાવેશ થાય છે.

૪. સુરત : સુરતમાં પણ પારસી લોકોની સારી એવી વસતિ જોવા મળે છે. અહી મુખ્ય બે 'આતશબહેરામ' આવેલી છે ઉપરાંત કેટલાક પારસી મકાનો જોવા મળે છે. સુરતમાં ભાઈબીજનાં દિવસે સ્વામિનારાયણ ભગવાનની પાઘડી લોકો માટે દર્શન માટે મુકવામાં આવતી હોય છે. સંવત ૧૮૮૧માં સુરત આવેલા સ્વામિનારાયણ ભગવાને તે વખતે પારસી કોટવાળ અરદેશરને પોતાની પાઘડી અને શ્રીફળ ભેટમાં આપ્યાં હતાં. જે આજે ૧૯૪ વર્ષે પણ પારસી પરિવાર પાસે છે. તેઓ આનું જીવની જેમ જતન કરે છે. ભગવાનનું માથું પોતાની પાસે હોવાનું માનતા આ પારસી પરિવાર પ્રેમથી પાઘડીનાં દર્શન સૌ કોઈને કરાવે છે.


૫. અજમલગઢ (વાંસદા નજીક) : અજમલગઢ ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના દક્ષિણ ભાગમાં આવેલા ઘોડમાળ ગામ નજીક આવેલ એક ડુંગર છે. અહીં બે મંદિરો (શિવમંદિર અને રામમંદિર) તથા પારસી સ્થાનક (સ્મૃતિ-સ્તંભ) પણ આવેલ છે. અહીં પારસીઓના આતશ બહેરામ (પવિત્ર અગ્નિ) પણ અહીં રાખવામાં આવ્યો હોવાનો પણ ઈતિહાસ છે. મૂળ વાત એમ છે કે સંજાણમાં શાસન બદલાતા પવિત્ર અગ્નિને બારહોટની ગુફાઓમાં લઈ જવામાં આવ્યો જો કે ત્યારબાદ અહી પણ અગ્નિની સલામતિ ન લાગતા આ પવિત્ર અગ્નિને વાંસદાનાં રાજા કીર્તિ દેવની મંજુરી મેળવી અજમલગઢમાં ટેકરી પર સ્થાપિત કરવામાં આવી. અહી આતશ બહેરામને ઈ.સ. ૧૪૦૫ થી ૧૪૪૮ દરમિયાન (૧૪ વર્ષ સુધી) રાખવામાં આવ્યો હતો. જેની યાદરૂપે ૨૧ ફૂટ ઉંચો સ્મૃતિ સ્તંભની સ્થાપના કરવામાં આવી હતી.

૬. બાહરોટ કેવ્સ (ગુજરાત બોર્ડર, મહારાષ્ટ્ર) : સંજાણમાં શાસન બદલાતા પવિત્ર અગ્નિને બારહોટની ગુફાઓમાં લઈ જવામાં આવ્યો હતો અને થોડા સમય સુધી તેને અહી સ્થાપિત રાખવામાં આવેલ. જો કે આ સ્થળ વર્તમાન સમયમાં મહારાષ્ટ્રમાં આવેલું છે અને ઉંચી પહાડીઓમાં આવેલી ગુફાઓમાં છે.

આ ઉપરાંત અમદાવાદમાં પણ ખમાસા અને કાંકરિયા નજીક પારસી અગિયારી આવેલી છે તેમજ નવસારી આસપાસનાં ગામોમાં પણ પારસી સમુદાયએ વસવાટ કરેલો છે અને તેમના મકાનો અને અગિયારી જોવા મળે છે.



શું તમને ખબર છે એક સમય ગુજરાતમાં આજથી લાખો વર્ષ પહેલા જ્યારે માનવીનો જન્મ નહોતો થયો ત્યારે આપણા **ગુજરાતમાં મહાકાય ડાયનાસોર વિહરતા હતા?** ખેડા જીલ્લાનાં બાલાસિનોર પાસે આવેલ રૈયોલી ગામમાંથી સૌપ્રથમ વર્ષ ૧૯૮૧માં ડાયનાસોરનાં ઈંડાઓ શોધી કાઢવામાં આવ્યા. જો ગુજરાતમાં આ અમૂલ્ય ખજાના વિશે જાગૃતિ આવે અને સરકાર પણ આ દિશામાં ગંભીરતાથી વિચારે તો મોટા પાયે અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યની ઐતીહાસિકતાને ઉજાગર કરી શકાય તેમ છે.





ઉત્તર ગુજરાતમાં વિસનગરથી ૮ કિ.મીનાં અંતરે આવેલ **ઉમતા** ગામમાં ઘણાં જ પૌરાણિક અવશેષો અને જૂની વસાહતનાં અવશેષો મળી આવ્યા છે. પુરાતત્વ વિભાગ દ્વારા અહીં વિભિન્ન સ્થળે થયેલા ઉત્ખનન દરમિયાન ઈ.સ. ૧૦મીથી ૧૨મી સદી દરમિયાનના એટલે કે જૈન મંદિરોનાં અવશેષો ઘણી સારી હાલતમાં મળી આવ્યા છે. જેનો વધારે અભ્યાસ થતા તે સોલંકી રાજવીઓના સમયમાં નિર્મિત પામ્યા હોવાનું જાણવા મળ્યું છે. જો કે હજુ અહી વધુ સંશોધનને અવકાશ છે. ઉત્ખનન થાય તો પણ નવીન અવશેષો મળવા શક્ય છે.

વિશ્વમાં આવેલી અનેક નદીઓમાં **નર્મદા** જ એક એવી નદી છે જેની **પરિક્રમા** કરવામાં આવે છે, જે નર્મદા નદીનું ધાર્મિક મહત્વ સાથે અનેક લોકોની આસ્થાની પ્રતીતિ કરાવે છે. નર્મદા એટલે આનંદ આપનારી. પુરાણોમાં આ ઉપરાંત રેવા, સોમોધ્ભવા અને મેકલકન્યકા નાં નામે વર્ણન કરવામાં આવેલું છે. નર્મદા નદીની સૌથી પુણ્યદાયક પૂજા તે નર્મદા નદીની પરિક્રમા છે. જેમાં યાત્રાળુઓ સમુદ્રથી નર્મદાના એક કાંઠે ચાલવાનું ચાલુ કરી નર્મદાના મુખને ફરીને ચાલતા બીજા કાંઠે છેક સમુદ્ર પર આવે છે. આ યાત્રા કરતાં આશરે બે થી ત્રણ વર્ષ લાગે છે. નર્મદા નદીએ ભારતની પાંચમાં નંબરની પશ્ચિમથી પૂર્વ તરફ વહેણ ધરાવતી મોટી નદી છે. નર્મદા નદીની કુલ લંબાઈ ૧,૩૧૨ કી.મી જેટલી છે અને કુલ પરિક્રમા રૂટ ૨,૬૨૪ કી.મી જેટલો થાય છે. વિંધ્ય પર્વતમાળાનાં અમરકંટકનાં ડુંગરમાંથી નીકળતી રેવા અને સાતપુડા પર્વતમાળાના મૈકલ પર્વતમાંથી નીકળતી નર્મદા માંડલ નજીક મળે છે. મધ્યપ્રદેશમાંથી આવીને છોટા ઉદેપુર પાસે હાંફેશ્વર પાસેથી ગુજરાતમાં પ્રવેશે છે. નર્મદા નદી અંતે ભરૂચ નજીક ૨૦ કી.મી.ના ફળદ્રુપ મુખત્રિકોણ નજીક તે ખંભાતના અખાત ખાતે પ્રવેશ કરે છે અને અરબી સમુદ્રને મળે છે. ગુજરાતમાં નર્મદા નદીની કુલ લંબાઈ ૧૬૦ કી.મી જેટલી છે અને પરિક્રમા રૂટ ૩૨૦ કી.મી. જેટલો થાય છે. વર્તમાન સમયમાં પરિક્રમા વાસીઓની સંખ્યા ઘટી હોય તેવું પ્રતીત થાય છે વળી, હવે પરિક્રમા કરતા યાત્રિકો નદી તટે તટે પરિક્રમા નથી કરી શકતા પરંતુ કેટલાક ભાગોમાં તો નદીથી ત્રણ-ચાર કિમી દુરથી પરિક્રમા કરવી પડે છે. ધન્ય છે નર્મદા પરિક્રમા રૂટમાં આવતા ગામોના લોકોને કે તેઓ આવનાર યાત્રીકોની ખુબ જ સારી રીતે સરભરા કરી રહ્યા છે જે વર્ષોથી પોતાની ફરજ ગણીને આ કાર્ય નિભાવી રહ્યા છે. ગાયકવાડ શાસકો સમયે પણ નર્મદા ઘાટ અને તેની આસપાસનાં વિસ્તારને ઉજાગર કરવા અને જુના ધર્મસ્થાનોને સમારકામ તેમજ નવા ધર્મસ્થાનો બાંધવા માટે મહત્તમ પ્રયાસો વર્તમાન અભ્યાસ પરથી જોઈ શકાય છે. આગામી સમયમાં સરકારશ્રી તરફથી પણ પરિક્રમાવાસીઓ માટે જરૂરી પ્રાથમિક સુવિધાઓ વિકાસ કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યું છે જે સારી બાબત છે. પરિક્રમા રૂટમાં આવતા મંદિરો, આશ્રમો, ગામો મોટા ભાગે ઐતિહાસિક ભૂમિકા ધરાવતા જાણવા મળે છે.



શામળાજી મંદિરની અતિસુંદર શિલ્પસ્થાપત્યયુક્ત રચનાઓમાં ગદ્દાધરની મનોહર મૂર્તિ ખૂબ જ આકર્ષક છે. ગુજરાતના સીમાડે લગભગ મેવાડની ધાર પર આવેલા આ સ્થાન ઘણો પ્રાચીન વારસો ધરાવે છે. મોટા માપની આમ તેમ પડેલી ઈંટો અને ટીંબા, ઠેર ઠેર જૂનાં નાના-મોટા દેવાલયોના અવશેષો તથા હરિશ્ચંદ્રની ચોરી, ત્રિલોકીનાથ, રણછોડરાયજી અને કાશીવિશ્વનાથના મંદિરો ઉપરાંત કર્માબાઈનું તળાવ અહીંના જૂના-નવા ઈતિહાસને સાચવી રહ્યાં છે. તેમાં કદાચ સૌથી વધુ નોંધપાત્ર છે એક નાનકડા દેરામાં મૂકાયેલી સ્થાનીક ગ્રામજનો દ્વારા 'કળશી છોકરાંની મા' ને નામે ઓળખાતી મહાવિષ્ણુની મૂર્તિ. એના મુગટરૂપ પરિકમાં ચોવીસ અવતારો કોતરાયા છે.ગુજરાતનાં પંદરમી સદી પછી બંધાયેલ મંદિરોમાં કદાચ આ સર્વોત્તમ છે. હાલમાં મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં પણ મંદિરના પ્રાચીન સ્વરૂપ અને સૌંદર્ય જાળવવાની કાળજી લેવાઈ છે. ખંડિત શિલ્પોને સ્થાને નવાં ઉમેરવામાં આવ્યા છે, પણ તે મૂળને અનુરૂપ જ હોય તેનો ખ્યાલ રખાય છે. મંદિરના બાંધકામમાં પ્રાચીન ચૌલુક્ય-શૈલી જળવાયેલી છે. શ્રી શામળાજી મંદિરએ ગુજરાતનાં ત્રણ મહત્વનાં કૃષ્ણતીર્થ પૈકીનું એક છે. આ મંદિર સુંદર કલાકૃતિઓ અને ચતુર્ભુજ વિષ્ણુની મનોરમ્ય મૂર્તિને કારણે પ્રસિધ્ધ છે. જેમ દ્વારકાને સમુદ્રનું સાનિધ્ય મળ્યું છે તેમ શામળાજી ડુંગરો, મનમોહક વનરાજી અને મેશ્વો નદીનું સાંનિધ્ય ધરાવે છે. મંદિરની અતિસુંદર શિલ્પ-સ્થાપત્યયુક્ત રચનાઓમાં કાળીયા ઠાકોરની નયનરમ્ય મૂર્તિ આકર્ષક છે. ગુજરાતમાં ઈ.સ.ની પંદરમી સદી દરમ્યાન બંધાયેલ શામળાજી મંદિર સર્વોત્તમ છે. મંદિરમાં તાંબાના પતરા પર કોતરાયેલા બે લેખો મળે છે જે ઈ.સ. ૧૭૬૨માં થયેલા જીર્ણોધ્ધારનો ઉલ્લેખ કરે છે.



વાત વતનની



My comprehensive note is about Homecoming. I came to New York City to build my career in energy industry back in 2015, since then I visited India only once not because I couldn't but I made a promise to myself when I will get recognized for work in USA only after that I will visit my hometown. That beautiful moment came in 2019 when I heard that my work visa is approved, my eyes were filled with salted water that came in form of tears. I called my parents and let them know that my time has come to visit you guys and the wait is finally over. This news left them totally stunned and flabbergasted. I am describing this story because I felt that every Indian who lives far away from their motherland always find that something is absent. We all are so busy in our own life that we forgot to live it by appreciating the little happiness which is around us. I have won several awards during my college life in America for providing exceptional leadership and experiential education to my fellow students-that was my gladness by being able to provide my valuable contribution into the community. My father is renowned photographer in India practicing photography for more than 30 years by capturing our heritage monuments through his eyes and he always taught me to respect the nature around us by protecting it, be the change you want to see around. I consider myself an outdoor adventure enthusiast – roaming around suburban areas outside concrete jungle, visiting famous architecture wonders around the country, doing adventure activities in nature (kayaking, mountain climbing, horse riding, flying planes). For many young individuals in India who aspires to make their life living worthwhile I have message for you folks – Success is not always about greatness, but it is about consistency in life, consistent hard work leads to success and greatness will follow.

-Yagna N Otia
Project Engineer (Energy Effciency), New York, USA



I am one of those few who got the blessings of Dwarkadhish at a very early age. I started going there with my grandparents when I was in school. Eventually, my interest in Dwarka grew so much that I even started going alone just to feel This is the temple which gave me my inspiration for the website www.hinduscriptures.com. The vibration of the temple and the whole town is amazingly divine and spiritual. If you connect to Krishna from the bottoms of your heart, you may feel his presence all across the town. It has not only spiritual but cultural heritage also. Having thousands of years old temple, historical sites and a legacy of various religious and social groups. Dwarka has a lot to offer on it's own. After growing up in Mumbai and living outside India for almost two decades have changed a lot in me. I became more Gujarati now than ever before. My love for Gujarati food grew ten times after I started visiting Gujarat regularly for my research. Gujarati are in every corner of the world which really amazes me. I feel proud and deeply touched by knowing how they have maintained the culture so well no matter which country they live.

- Vaishali Shah
Author



અમેરિકામાં લગભગ ચાલીસ વર્ષથી વસવાટ છતાં મા ભોમ પ્રતિનું ખેંચાણ કાયમ રહ્યું છે ! હા , સંસ્કૃતિ અને સંસ્કાર જાણે કે મૂળિયાં અને પુષ્પની જેમ અમ વ્યક્તિ રૂપી છોડવામાં ગયાં છે છવાઈ ગયાં છે. આપણે ત્યાં ભિન્ન ભિન્ન ભાષાઓ અને તેમાંયે પાછી જુદી જુદી બોલીઓ .. પણ અહીં અમેરિકામાં ગુજરાતી કે અન્ય પ્રાંતિય જ નહીં પણ કોઈ પરદેશી પણ જો અમસ્તાં યે નમસ્તે કહે તો આંખમાં ઝળઝળિયા આવી જાય એવાંએ દિવસો ને વર્ષો વિતાવ્યાં છે .. પિયરનું પારેવડું તો દૂર રહ્યું , પણ અમદાવાદની ગરમ હવાવાળી સાંજની યાદો પણ શિકાગોના સબ ઝીરો ટેમ્પરેચરમાં મધુરી લાગી છે ! એ છે મારું વતન અમદાવાદ ! અલ્ટ્રા મોર્ડન બની ગયેલું મારું કાંકરિયા તળાવ અને રિવર ફ્રન્ટની મુલાકાતથી ગૌરવ થાય છે !

વતનની વાતો અને યાદો ઉપર એક આખ્ખો કાવ્ય સંગ્રહ " અમેરિકાથી અમદાવાદ" એમ કાંઈ અમથો જ લખાયો હશે ?

'વતનની મુલાકાતે એમ જ હું તો ગયો'તો ;
ફોટો જ્યાં ખેંચ્યો ત્યાં તો ઘંટનાદ મેં સુણ્યો'તો ..'

બસ ! કલમ ઉપાડી ને એ બધું જ યાદ આવી ગયું ..

'વસુધૈવ કુટુંમ્બક્મ ભલે કહો ,
ગ્લોબ્લાઈઝેશનની વાતો કરો ભલે!
પણ જમણો હાથ મોંભણી જ વળે
મા ભોમ પ્રતિ પક્ષપાત રહે!'

ત્યાં જીવન અરુણોદય ખીલ્યો
નયણે સો સૂરજ તેજ ભરી
હથેળીમાં તારલિયાં ઝાલ્યાં,
મેઘ ધનુષના રંગ ભરી
ચીતરયાતા જીવન સપનાઓ
સાબરમતીની રેત મહીં
છો થોડી નબળી હો તો પણ
એ માતૃભૂમિને ભૂલું નહીં !

-ગીતા ભટ્ટ
ડાયરેક્ટર , ગ્રાન્ડ ચાઈલ્ડ કેર સેન્ટર , શિકાગો ! (બાળઉછેર અને બાલ શિક્ષણ, કવિસાહિત્યકાર , સોસ્યલ વર્કર)

Photo of the Issue

- Parvej Kadi Vala



કાંકરિયાનું નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ પોતે જ હિસ્ટ્રી થવાની રાહમાં?

- લજ્જા દવે પંડ્યા

સરી ગયેલા સમયની કથા કહેતી જગ્યા એટલે મ્યુઝિયમ અને સમયના કાળચક્રમાં હોમાઈ ગયેલા પ્રાણીઓ, વૃક્ષો અને પર્યાવરણ વગેરે કેવા હશે એ કલ્પનાને આકાર આપતી જગ્યા એટલે નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ. લંડનનું આવું મ્યુઝિયમ જગવિખ્યાત છે જ્યાં ડાયનોસોરથી માંડીને જીવાશ્મીઓ, ભૂસ્તરશાસ્ત્ર, પર્યાવરણ વગેરેના ઐતિહાસિક અવશેષો જોવા માટે દુનિયાભરના લોકો ઉમટી આવે છે. ભારતમાં પણ દિલ્હી, દાર્જિલીંગ, ભુવનેશ્વર, ભોપાલ તથા ગુજરાતમાં પણ બરોડા, કચ્છ જેવા શહેરોમાં આવા નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ આવેલા છે. કાંકરિયાના પ્રાણીસંગ્રહાલયની શરૂઆત કરનાર અને તેને એશિયાના અગ્રણી પ્રાણીસંગ્રહાલયોની યાદીમાં શામેલ કરનારા પદ્મશ્રી રૂબિન ડેવિડે અમદાવાદમાં પણ આવું એક નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ બનાવવાનું સ્વપ્ન સેવેલું અને તેના પરિણામ સ્વરૂપે ૧૯૭૪માં કાંકરિયામાં બાલવાટિકાની બરાબર સામે નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમની શરૂઆત કરવામાં આવેલી.

આ મ્યુઝિયમમાં મૃત્યુ પામેલા પ્રાણીઓના શરીર પર ટેક્સીડર્મીની પ્રક્રિયા કરીને તેમના શરીરોને કાચની પેટીમાં જાળવી રખાયા છે. આ પ્રક્રિયામાં મૃત પ્રાણીના શરીરમાંથી હાડકા સિવાયના તમામ અંગો કાઢીને તેમાં કેમિકલ ભરવામાં આવે છે અને ત્યારબાદ તે જાણે જીવંત હોય તે રીતે તેની ટ્રોફી બનાવવામાં આવે છે જેને વર્ષો સુધી જાળવી શકાય છે. આવી કેટલીક ટ્રોફીઓ કાંકરીયાના નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમમાં જોવા મળે છે. જેમાં હરણનો શિકાર કરતી સિંહણ, દેખનારની આંખમાં આંખ મિલાવીને ઉભેલો વાઘ પરિવાર, ઘુવડ, વાંદરા, વિશાળકાય મગરો તથા પક્ષીઓનો સમાવેશ થાય છે.તેમના હાવભાવ અને પાછળ ઉભા કરાયેલા વાતાવરણને કારણે આ હમણાં જ કાચમાંથી કૂદકો મારીને બહાર આવી જશે તેવો દેખાવ ઉભો થાય છે. આ મ્યુઝિયમમાં આ સિવાય બાળકોને જીવવિજ્ઞાનની સમજ આપવાં બે મોઢાંવાળા બાળકનો ગર્ભ, જળઘોડો, હાયેના-ઘોડા-ગોરિલા વગેરેના મૃત જન્મેલા બચ્ચા જેવી વસ્તુઓને કાચની બરણીની અંદર કેમિકલમાં સાચવી રાખવામાં આવ્યા છે, જે સાચે કૌતુક જન્માવે છે. હજારો વર્ષ પહેલાના કાષ્ઠઅશ્મિઓના અવશેષો પણ અહીં જોવા મળે છે. બાળકોની જીજ્ઞાસા સંતોષવા માટેના માધ્યમો આજ જેટલાં શક્તિશાળી નહોતાં ત્યારે બાળકોને પ્રાણી-પક્ષીઓની આદતો- ખોરાક-રહેઠાણ વગેરે સમજાવવા તથા સિંહ, વાઘ જેવા પ્રાણીઓથી માત્ર બે ફૂટ દૂર ઉભા રહેવાનો અને તેની આંખમાં આંખ મિલાઈને જોવાનો રોમાંચ આપવા આ મ્યુઝિયમની શરૂઆત કરવામાં આવી હતી. અત્યારે પણ આ મ્યુઝિયમ કદાચ શહેરના સૌથી વધુ બાળ-મુલાકાતીઓ મેળવતું મ્યુઝિયમ છે. એનું કારણ એ છે કે બાલવાટિકાની ટીકીટ પર વિનામૂલ્યે આ મ્યુઝિયમની મુલાકાત લઈ શકાય છે.

શું રૂબિન ડેવડનું નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ પોતે હિસ્ટ્રી થઈ જશે?

વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ મૃત પ્રાણીઓની ટ્રોફી રાખવીએ એક ગુનો થઈ ગયું. એ પ્રક્રિયા કરનાર અને કરાવનાર બંને કાયદાના દાયરા હેઠળ આવી ગયા. એટલું ઓછું હોય એમ ટેક્સીડર્મી કરનારી ભારતની એકમાત્ર કંપની વાનઈંગન એન્ડ વાનઈંગંન ૧૯૯૯માં બંધ થઈ જવા પામી. હવે ભારતમાં ટેક્સીડર્મી જાણનારા લોકો આંગળીને વેઢે ગણાય એટલા પણ રહ્યા નથી. પરિણામે મોચીકળા, સુથારીકામ,મૂર્તિકળા, ચિત્રકામ અને શરીરરચના જેવી પાંચ કળાઓના સંગમ જેવી ટેક્સીડર્મી આર્ટ દેશમાં મૃતઃપ્રાય થઈ ગઈ છે. આવા જ કારણોસર રૂબિન ડેવિડ નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમમાં છેલ્લા કેટલાય વર્ષથી કોઈ નવો વધારો કરવામાં આવ્યો નથી. મ્યુઝિયમના હાલના પ્રાણીઓ પણ દરકારના અભાવે જર્જરિત અવસ્થામાં છે. મ્યુઝિયમમાંના થોડાં-ઘણાં પ્રાણીઓ ખવાઈ ચૂક્યા છે અથવા તેની ઉપર ફૂગ લાગી ચૂકી છે. આ અંગે મ્યુઝિયમના સુપ્રિટેન્ડ આર. કે સાહુ કહે છે કે, અમે દર વર્ષે બરોડાની ટીમને આ પ્રાણીઓ પર પ્રક્રિયા કરવા બોલાવીએ છીએ. તેઓ જરૂરી સાફસફાઈ અને દવાઓનો છંટકાવ કરી જાય છે. એ ટીમ હવે થોડા દિવસમાં આવવાની જ છે.

ખેર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન લંડન જેવું નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ ઉભું ન કરી શકે તો કંઈ નહીં પણ રૂબિન ડેવિડ નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ પોતે જ એક હિસ્ટ્રી ન બની જાય તેનું ધ્યાન રાખે તોય ઘણું.





ગેસ અને ધૂળની ડમરીઓનાં વાદળમાંથી તારાઓ અને સૂર્યની રચના થઈ તે સાથે સૂર્યએ પોતાની આસપાસ ફરતા આ બધા વાદળોમાંથી લગભગ ૯૯.૯૯% ગેસ અને ધૂળની ડમરીને પોતાની અંદર સમાવી લીધા. જે ગેસ અને ધૂળની ડમરીઓ બચી તેને એક ડીસ્કનું રૂપ લીધું. જે ડીસ્કને "પ્રોટોપ્લેનેટરી ડીસ્ક" (આદિ ગ્રહ ચક્ર) તરીકે ઓળખવામાં આવે છે જે મુખ્યત્વે નવા બનેલા તારાની આસપાસ ફરતો એક ચુસ્ત (ગાઢ) ગેસનું ચક્ર છે. ક્યારેક ક્યારેક આ ચક્રમાં વિવિધ જગ્યાએ જમા થયેલા પદાર્થોને કારણે ધૂળની કણ અને પછીથી ગ્રહ પણ જન્મ લેતા હોય છે. આ જ પધ્ધતિથી સૂર્યની આસપાસ વર્તમાન ગ્રહોની ઉત્પતિ થઈ (સાડા ચાર અબજ વર્ષ અગાઉ). મે જોયું કે પ્રારંભમાં ધીમી ગતિએ ફરી રહેલ આ પ્રોટોપ્લેનેટરી ડીસ્કની સ્પીડ વધી અને જેને લીધે આ ડીસ્ક સમતલ બની અને બધા જ ગ્રહો એક જ સ્થિરતાએ સૂર્યની પરીક્રમા કરવા લાગ્યા.

સૂર્યની પરીક્રમા કરી રહેલ ગ્રહોમાં હું આપણી પૃથ્વી શોધવા લાગ્યો. ક્રમાનુસાર બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુન. પણ આ શું ? પૃથ્વી ને જોતા જ હું ચોંકી ગયો. પૃથ્વી પોતે એક અગનગોળો જ હતો બીજુ કંઈ જ નહી. તો આમાં સૃષ્ટીનો ઉદ્ભવ કંઈ રીતે સંભવ છે તે ચિંતા કરતા કરતા હું બીજા ગ્રહોને નિહાળવા લાગ્યો. પૃથ્વી સૂર્યથી સપ્રમાણ અંતરે આવેલી છે જેથી ભવિષ્યમાં અહીં જીવ વિકાસની શક્યતાઓ વધી, વળી સપ્રમાણ અંતરને કારણે જ પૃથ્વી પર યોગ્ય તાપમાન જળવાય રહે છે કે જેટલું જીવન માટે જરૂરી હોય. (આપણી પૃથ્વી જે વિસ્તારમાં છે તેને ગોલ્ડીલોક્સ ઝોન કહેવામાં આવે છે).

હું અંતરીક્ષ નિહાળી રહ્યો હતો એવામાં એક ઘટના બની. પૃથ્વીથી અડધી સાઈજનો એક અગન ગોળો પૃથ્વીની દિશામાં ખુબ જ ઝડપથી આવીને ટકરાયો. આ ગોળાકાર ચીજના ટકરાવને કારણે પૃથ્વી પર બનેલા હલકા પદાર્થોનાં ટુકડાઓ વિખેરાઈ ગયા.આ ટુકડાઓ પૃથ્વીની ચારેકોર પરીભ્રમણ કરવા લાગ્યા અને તેને એક ચક્રાકાર આકાર લીધો જેવું સૂર્યની આસપાસ થયું હતુ એમ જ. આ ચક્રાકાર ગોળાવામાંથી ચન્દ્રની ઉત્પતિ થઈ. ચન્દ્ર પણ ગ્રહોની જેમ ગોળકાર જ હતો. ચન્દ્રની ગ્રેવીટી એટલી વધારે હતી જેના લીધે તે પૃથ્વી તેની ઓરબીટ પર સ્થિર બની. પોતાની પરીક્રમા વખતે પૃથ્વીનું સમતોલન ડગમગી જાય તેમ હતું જે આ ચન્દ્રનાં કારણે સ્થિર બન્યું. જે પૃથ્વીને વિવિધ વાતાવરણ રચવામાં ખુબ લાભદાયી નિવડ્યું. પોતાની ધરી પર ફરતા પૃથ્વીનો એક તરફનો ઝૂકાવ હોય છે અને તેને કારણે જ અલગ અલગ ઋતુઓ સંભવિત થઈ છે. મંગળનો ઝૂકાવ પણ પૃથ્વીની જેમ જ છે પણ તેની પાસે ચન્દ્ર ન હોવાને લીધે પરીક્રમા વખતે તેનું સમતોલન ડગમગી જાય છે જેના લીધે સ્થિર વાતાવરણ પેદા થઈ શકતું નથી.


જો કે ચન્દ્રની ઉત્પતિ થઈ એ સમયે પણ પૃથ્વી બેજાન હતી અને અગનગોળા જેવી હતી. જો કે સમયાંતરે તે ઠંડી પડી. જો કે આ સમયે પણ પૃથ્વી પર કાર્બન ડાયોક્સાઈડ અને નાઈટ્રોજનના મિશ્રણથી વાતાવરણ ઝેરુલું હતુ અને હજુ સુધી પાણી અસ્તિત્વમાં નહોતું. જો કે સમયાંતરે પૃથ્વી પર કોમેટ અને એસ્ટોરોઈડનાં આક્રમણો તો ચાલું જ હતા જેનો ફાયદો થયો, કોમેટ અને એસ્ટોરોઈડ આવા આક્રમણો દરમ્યાન પોતાની સાથે પાણી પણ લાવ્યા. કરોડો વર્ષનાં લાંબા ગાળા દરમ્યાન પૃથ્વી પર સારુ એવું પાણી જમા થયું અને તેના થકી મહાસાગર અને વાદળોની રચના થઈ.

"વાદળો જાણે મને અડીને પસાર થતા હોય તેવી અનુભુતિ થતા મે એ વાદળને સ્પર્શ કરવા પ્રયાસ કર્યો એ દરમ્યાન મારા હાથમાં એક નાનકડો હાથ આવ્યો જે મારી દિકરીનો હતો અને તે મને ઉઠાડવા પ્રયાસ કરી રહી હતી".

સૃષ્ટીનાં પ્રારંભે...

(સપનામાં ઈતિહાસ - ભાગ ૧)

- કપિલ ઠાકર





"અંદાજીત રાત્રિનાં ત્રણ વાગ્યાની આસપાસ મારી ઊંઘ ઊડી જતા હું ઘરની બહાર નિકળ્યો અને અગાશીમાં બેઠો ત્યાંજ અવકાશમાંથી કોઈ અજ્ઞાત દિવ્ય પ્રકાશ આવ્યો અને મને તેની સાથે લઈ ગયો. અચાનક બનેલી ઘટનાએ હું ચોંકી ગયો પણ થોડીક વારમાં ખ્યાલ આવ્યો કે હું છેક આકાશમાં કોઈ અજ્ઞાત સ્થાને પહોચી ગયો છું જે આપણી પૃથ્વીથી ઘણી દુર હતી. ખબર નહી પણ કોઈ અજ્ઞાત જગ્યા એ હું ભટકી રહ્યો હતો અને અચાનક મારી નજર સામે દૂર એક બનાવ બની રહ્યો હતો." મેં જોયુ કે આકાશમાં રહેલ ગેસ અને ધૂળએ ગ્રેવીટીને કારણે વાદળ સ્વરૂપે દેખાય રહ્યા હતા અને આ વાદળનો એક મોટો હિસ્સો કોઈ એક બીજનાં સ્વરૂપે જમા થઈ રહ્યો હતો જેમાંથી નાના મોટા તારાઓ બની રહ્યા હતા અને પછીથી આપણા સૂર્યની પણ ત્યાંથી ઉત્પતિ થઈ. આ ઘટનામને હોલિવુડની કોઈ થ્રીડી મુવી જેવી લાગી રહી હતી અને હું જસ્ટ વિચારી જ રહ્યો હતો કે આ સ્વપ્ન છે કે પછી હકીકત ? કેમ કે સૂર્યથી તો આપણે ઘણા સમયથી પરીચિત છીએ અને તેની ઉત્પતિ તો કરોડો વર્ષો અગાઉ થયેલી તો પછી આ શુ છે ? મે મારી આસપાસ નજર કરતા મને જે પ્રકાશ અહીં સુધી લાવેલ તેના પર નજર ગઈ જે કોઈ માનવઆકૃતિ જેવી લાગી રહી હતી. મે હિંમત કરીને પુછ્યું કે આ સ્વપ્ન છે કે હકીકત છે અને હું ક્યાં છું ? જવાબ મળ્યો તે સાંભળી થોડા સમય માટે મારુ મગજ વિચારતા જ બંધ થઈ ગયું. એ અજ્ઞાત દિવ્ય પ્રકાશે મનેકહ્યું "આ અવકાશ છે અને હજુ તો સૃષ્ટીની રચના પણ હવે થશે". મે કહ્યુ તો હું અહીં કેમ છું ? જવાબ મળ્યો કે તમારી ખુદની ઈચ્છા શક્તિથી. મને યાદ આવ્યું કે લોકડાઉન દરમ્યાન હું ઘરે બેઠા બેઠા પુસ્તકોનું વાંચન કરી રહ્યો હતો. છેલ્લા દસ વર્ષથી મારી વાંચન શક્તિ, જીજ્ઞાશાવૃતિમાં ભયંકર ઘટાડો આવ્યો હતો જે લોકડાઉનમાં સતત વાંચનનાં લીધે મને પુનઃ પ્રાપ્ત થઈ. સતત વાંચનને લીધે જીજ્ઞાશાવૃતિમાં વધારો થાય છે અને તેના કારણે વધુને વધુ જાણવાની વૃતિ જન્મે છે. હું મૂળ ઈતિહાસનો વિધાર્થી અને મને યુવાનાવસ્થાથી જ પૃથ્વીની રચના, માનવની ઉત્પતિ, પ્રથમ જીવની ઉત્પતિ જેવા અનેક પ્રશ્નોનાં જવાબ મેળવવાની ઈચ્છા થતી. લોકડાઉન દરમ્યાન થયેલા વાંચનને લીધે આ ઈચ્છા પ્રબળ બની અને જેને અંતે હું વર્તમાન પરીસ્થિતીએ પહોચ્યો.

આજથી પાંચ અરબ વર્ષ પાછળ હું અવકાશમાં એક અજ્ઞાત જગ્યાએ બેઠો છુ અને મારી નજર સામે સૂર્યની ઉત્પતિ થઈ રહી હતી. સામાન્ય જીવનમાં સમયની ગણતરી અને અહીંના સમયની ગણતરી ઘણી અલગ છે જયારે આપણે અવકાશની વાત કરીએ ત્યારે લાખો અને કરોડો વર્ષમાં જ સમયને આંકવો જોઈએ. આ બ્રહ્માંડમાં જો સૂર્યની ઉત્પતિ ન થઈ હોત તો ગ્રહોની ઉત્પતિ પણ થઈ શકી હોત કે કેમ એ એક સવાલ છે ? સૂર્ય સમગ્ર બ્રહ્માંડનો મુખ્ય આધાર છે. સૂર્યને આપણા પ્રારંભિક પૂર્વજો દેવ માની પૂજા કરતા તેનું કારણ એ બની શકે તે તેમને પણ બ્રહ્માંડ વિશે અને તેની ઉત્પતિ વિશે કોઈ અલગ પ્રકારની વાર્તા તરીકે પણ ખયાલ હોય અને સૂર્યના મહત્વ વિશે પુરેપુરા જ્ઞાત હોય અને તેથી જ વર્ષો વર્ષ સૂર્યની પ્રાકૃત દેવ તરીકે પૂજા થતી રહી અને વર્તમાન સમયમાં પણ સૂર્ય એટલો જ પૂજનિય છે.